Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શત્રુંજયના શિખરો.

પુસ્તક ૩૬ મું

અંક ૨ જો

લવાજમ રૂ. ૧ા

શ્રી આત્માનંદ પ્રકાશ

પ્રકાશક—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. B. 431.

વિષય-પરિચય

૧ સંવત્સરીનું શુદ્ધ સ્વરૂપ શું? (લે. રેવાશંકર વાલજી બધેકા)
૨ શ્રી શ્રુતજ્ઞાન (લે. પં. શ્રી ધર્મવિજયજી)
૩ લોભ (લે. ગાંધી
૪ આપણા પર્વો (લે. ચોકસી
૫ અંતકાળ (લે. કિશોરલાલ મશરૂવાળા
૬ ઉન્નતિના ઉપાયો (ચત્રભુજ જેચંદ શાહ B.A.LL.B.)
૭ અહિંસાનું આંદોલન ઊભું કરો (શ્રી. નાગકુમાર મકાતી)
૮ ઉપદેશ બત્રીશી સજ્ઝાય (લે. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ
૯ પાંચ સકાર : સદાચાર (અનુ: અભ્યાસી B. A.
૧૦ વર્તમાન સમાચાર

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક

" મહામેઘવાહન જૈન રાજા ખારવેલ " નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્ર લેખક રા. સુશીલના હાથે તૈયાર થવા આવ્યું છે. તૈયાર થયા પછી ચાલતા ધોરણ મુજબ વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભેટ મોકલવામાં આવશે જે સ્વીકા લેવા અમારી નમ્ર સુચના છે.

પરમાત્માના ચરિત્રો.

(ગુજરાતી ભાષામાં) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર (ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર) જૈન પાઠશાળા કન્યાશાળામ પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय (संघपति चरित्र.)
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.
४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાનવીર શ્રાવક કુળ ભૂષણ

શેઠ શ્રી નાગરદાસભાઇ પુરૂષોતમદાસ

રાણપુર.

આનંદ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક: ૩૬ મું : ભાદ્રપદ : '૯૪

અંક : ૨ જો : સપ્ટેમ્બર : '૩૮

સંવત્સરીનું શુદ્ધ સ્વરૂપ શું ?

હરિગીત છંદ

"સંવત્સરી" શું સૂચવે, ઓ! જૈન બન્ધુ સાંભળો,
સદ્‌બોધદર્શક પર્વ આ, તે ધન્ય પુણ્યવતી પળો;
ગત વર્ષનાં નિજ કર્મની, કરવી નિરીક્ષાઓ ખરી,
તો ધન્ય! **ચોરાણુંતણી,** ઉજવી તમે **સંવત્સરી.** ૧
માનવ જનમ મોંઘો મણિ, તે પામીને શું શું કર્યું ?
શ્રી જૈન શાસન શાસ્ત્રકેરું, તત્ત્વ કંઇ હૃદયે ધર્યું ?
અમૃતસમી વાણીભર્યાં, વ્યાખ્યાનમાં વૃત્તિ ઠરી ?
તો ધન્ય! **ચોરાણુંતણી,** ઉજવી ફરી **સંવત્સરી.** ૨
આજે **ક્ષમાપન ધર્મ** તે, ઉચ્ચાશયોથી છે ભર્યો,
આખા વરસના દોષનો, માગી ક્ષમા ભાર જ હર્યો;
ચોખ્ખા હૃદયથી વિનીતભાવે, ગર્વ સર્વે પરહરી,
તો ધન્ય! **ચોરાણુંતણી,** સાફલ્ય કરી **સંવત્સરી.** ૩
દેવો, ગુરુઓ, સંત-સાધુ, પૂજ્યને શરણે જઇ,
આર્જવભરી માગો ક્ષમા, તો દોષ સૌ જાએ વહી;
સ્નેહી-સંબધી—મિત્ર સૌની, નમ્ર થઇ માગો ક્ષમા,
તો શ્રી પ્રભુને ચોપડે, આ સત્ક્રિયા થાશે જમા. ૪
માસો—વરસ—દિવસો અને પળપળતણી માફી ચહો,
એવા જ ખુલ્લા દિલથી, આ જીવનનાં વહનો વહો;
સત્શાસ્ત્રનો સિદ્ધાન્ત આ, હૃદયે સદા રાખો ભરી,
તો સુખદ **પંચાણુંતણી,** શુભ દેખશો **સંવત્સરી.** ૫

દોહરો

દાન, દયા, ને દીનતા, ધર્મ અને સત્કર્મ;
આપ આત્મને ઓળખો, એ સંવત્સરી મર્મ.

કવિ રેવાશંકર વાલજી બધેકા
નિવૃત એજ્યુ૦ ઈન્સ્પેક્ટર અને ધર્મોપદેશક-**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીશ્રુતજ્ઞાન

✤ લે. શાસનપ્રભાવક–આચાર્ય શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય ✤
પં. ધર્મવિજયજી ગણી

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવલ એ પંચજ્ઞાનમાં સ્વપરપ્રકાશકતાને અંગે અપેક્ષાએ શ્રુતજ્ઞાનની મુખ્યતા જણાવવામાં આવેલી છે. કહ્યું છે કે—

'કેવલથી વાચકતા માટે, છે સુયનાણ સમત્થજી'

'વિજયલક્ષ્મીસૂરિ'

આ શ્રુતજ્ઞાનના ચૌદ અથવા અપેક્ષાએ વીશ ભેદો શ્રીજૈન સિદ્ધાન્તમાં કહ્યા છે. તેમાં ચૌદ ભેદોનાં નામ આ પ્રમાણે– ૧અક્ષરશ્રુત, ૨સંજ્ઞિશ્રુત, ૩સમ્યક્શ્રુત, ૪સાદિશ્રુત, ૫સપર્યવસિતશ્રુત, ૬ગમિકશ્રુત, અને ૭અંગપ્રવિષ્ટશ્રુત એ સાતના પ્રતિપક્ષિભેદો ૮અનક્ષરશ્રુત, ૯અસંજ્ઞિશ્રુત, ૧૦મિથ્યાશ્રુત, ૧૧ અનાદિશ્રુત, ૧૨અપર્યવસિતશ્રુત, ૧૩અગમિકશ્રુત, અને ૧૪અંગબાહ્યશ્રુત.

આ ચૌદ ભેદોમાં એટલો ખ્યાલ રાખવાની જરૂર છે કે–વસ્તુતઃ તો શ્રુતના બે જ ભેદો છે, જેમકે અક્ષરશ્રુત અને અનક્ષરશ્રુત, અથવા સંજ્ઞીશ્રુત અને અસંજ્ઞીશ્રુત, અથવા સમ્યક્શ્રુત તથા મિથ્યાશ્રુત, એમ યાવત્ અંગપ્રવિષ્ટશ્રુત તેમજ અંગબાહ્યશ્રુત. કોઇ પણ શ્રુતનો અંશ એવો નથી કે જેનો ઉપર જણાવેલા અક્ષરશ્રુત–અનક્ષરશ્રુત ઈત્યાદિ સ્વતંત્ર બબ્બે ભેદોમાં સમાવેશ ન થાય, જૈનાગમમાં આવી પ્રણાલિકા કોઇ કોઈ સ્થળોએ નજરે પડે છે. જેમકે સિદ્ધના પંદર ભેદો–તેમાં સર્વ ભેદોના સમુદાયની અપેક્ષાએ પંદર ભેદો કહ્યા છે, બાકી તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો સર્વ સિદ્ધોનો બે અથવા અપેક્ષાએ ત્રણ ભેદમાં સમાવેશ થઇ શકે છે. તે આ પ્રમાણે,–તીર્થસિદ્ધ તથા અતીર્થસિદ્ધ. આ બે ભેદોમાં સર્વ સિદ્ધોનો સમાવેશ થઇ જાય છે, કારણ કે તીર્થસિદ્ધ એટલે તે તે જિનેશ્વર મહારાજાએ કરેલી તીર્થ–ચતુર્વિધ-સંઘ-ની સ્થાપના પછી જેઓ તે તે જિનેશ્વરના શાસનમાં મોક્ષે ગયા હોય તે બધા ય તીર્થસિદ્ધ કહેવાય, અને જેઓ જિનેશ્વર મહારાજાએ કરેલી તીર્થસ્થાપના પહેલાં જ સર્વ કર્મક્ષય કરીને મોક્ષે ગયા હોય તે અતીર્થસિદ્ધ કહેવાય. હવે વિચાર કરીએ તો સ્પષ્ટ જણાઈ આવશે કે સર્વ સિદ્ધોમાં કેટલાક તીર્થની સ્થાપના પછી મોક્ષે ગયા હશે તો કેટલાક મારુદેવા માતા જેવા આત્માઓ તીર્થસ્થાપના પહેલાં પણ મોક્ષે ગયા હશે. એટલે સર્વસિધ્ધના જીવોનો ઉપરના બે ભેદમાં જ અન્તર્ભાવ થાય છે. એ જ પ્રમાણે બાકીના જિનસિદ્ધ–અજિનસિદ્ધ, એકસિદ્ધ-અનેકસિદ્ધ ઇત્યાદિ બબ્બે ભેદો તેમજ સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ અને બુદ્ધબોધિતસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, સ્વલિંગસિદ્ધ, ગૃહલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ ઇત્યાદિ ત્રણ ત્રણ ભેદો માટે પણ સ્વયં વિચારી લેવું. આમ છતાં પણ વ્યવહારમાં સિદ્ધના જેમ પંદર ભેદો કહેવામાં આવે છે તે પ્રમાણે અહિં શ્રુતના ચૌદ ભેદ માટે પણ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રુતના વીશ ભેદો માટે આ પ્રમાણે નથી; પરંતુ તે વિવશા સ્વતંત્ર અને પૂર્વપૂર્વ શ્રુતભેદ કરતાં આગળ આગળના ભેદોમાં શ્રુતની અધિકતા જણાવવા માટેની છે.

ઉપર જણાવેલા ચૌદ ભેદ પૈકી પ્રથમ અક્ષરશ્રુતનો વિચારી કરીએ—

અક્ષરો ત્રણ પ્રકારના છેઃ **સંજ્ઞાક્ષર, લબ્ધ્યક્ષર** અને **વ્યંજનાક્ષર.** આ ત્રણમાં વ્યંજનાક્ષર નામનો ભેદ નૈગમનયની અપેક્ષાએ નિત્ય છે, અર્થાત્ **न क्षरति=न स्वभावाच्चलति** [સ્વભાવથી જેનું ચલાયમાનપણું થતું નથી] એ વ્યુત્પત્તિની અપેક્ષાએ મીમાંસકો શબ્દને નિત્ય માને છે જે પ્રસિદ્ધ છે, જ્યારે શબ્દથી અભિલાપ્ય–વાચ્ય જે ભાવો તે ક્ષર અને અક્ષર એટલે અનિત્ય અને નિત્ય બન્ને પ્રકારના છે. ઘટ–પટાદિ પદાર્થો અનિત્ય છે, અને ધર્માસ્તિકાયાદિ અનિત્ય છે. વ્યંજનાક્ષરને અંગે આટલું પ્રાસંગિક કહ્યું

હવે અનુક્રમે **સંજ્ઞાક્ષરાદિ** પ્રત્યેકનું વિવેચન કરવામાં આવે છે.

જેમ ટ નો આકાર લગભગ કળશના સરખો છે, તે પ્રમાણે જુદી જુદી લિપિઓમાં અકાર વિગેરેનો જુદો જુદો આકાર હોય છે, તે તે પ્રકારના આકારવાળા જે અકારાદિ અક્ષરો તેનું નામ સંજ્ઞાક્ષર છે, અથવા પોતાની ઈચ્છા પ્રમાણે જે અક્ષરનું જે ચિહ્ન આકાર વિશેષ કરવામાં આવે તે સંજ્ઞાક્ષર કહેવાય.

લબ્ધ્યક્ષર પાંચ પ્રકારે છેઃ **શ્રોત્રેન્દ્રિયલબ્ધ્યક્ષર ૧, ચક્ષુરિન્દ્રિયલબ્ધ્યક્ષર ૨, ઘ્રાણેન્દ્રિયલબ્ધ્યક્ષર ૩, રસનેન્દ્રિયલબ્ધ્યક્ષર ૪, સ્પર્શનેન્દ્રિયલબ્ધ્યક્ષર ૫,** (ઉપલક્ષણથી છઠ્ઠો નોઇન્દ્રિ–**મનોલબ્ધ્યક્ષરનો** ભેદ પણ જાણી લેવો)

શંકાઃ—આ પાંચ (અથવા છ) ભેદોમાં શ્રોત્રેન્દ્રિયલબ્ધ્યક્ષર એટલે શું ?

સમાધાનઃ—કોઈ પુરુષે 'શંખ' શબ્દનો ઉચ્ચાર કર્યો, અમુક વ્યક્તિએ શ્રોત્રેન્દ્રિયદ્વારા તે શંખ શબ્દને સાંભળીને આવા પ્રકારના આકારવાળી વસ્તુને શંખ કહેવાય છે એવું જે જાણપણું થવું તે શ્રોત્રેંદ્રિયલબ્ધ્યક્ષર કહેવાય. તાત્પર્ય એ છે કે જે જે અક્ષરો બોલાય, તે તે અક્ષરોથી શું વાચ્ય છે ? તેનું જે જ્ઞાન તેનું નામ શ્રોત્રેન્દ્રિયલબ્ધ્યક્ષર શ્રુતજ્ઞાન કહેવાય. એ જ પ્રમાણે બાકીની ઇન્દ્રિયો સંબંધી લબ્ધ્યક્ષરશ્રુતજ્ઞાન પણ સમજવું. જેમ કે સાકર મુખમાં મૂકતાં રસનેન્દ્રિયદ્વારા તેમાં રહેલી મીઠાશ જાણીને–' આવા પ્રકારની મીઠાશ હોય તેને સાકર કહેવાય ' ઈત્યાત્મક જે જ્ઞાન થવું તે રસનેન્દ્રિયલબ્ધ્યક્ષરશ્રુતજ્ઞાન જાણવું. એમ બીજી ઇન્દ્રિયો માટે પણ સ્વયં વિચારી લેવું.

વળી ઉપર જણાવ્યા પ્રમાણે વાચક વિગેરેથી વાચ્ય વિગેરેથી ઉપલબ્ધિ બે પ્રકારે હોય છે. **સામાન્યોપલબ્ધિ** તથા **વિશેષોપલબ્ધિ.** વાચક વિગેરેથી વાચ્ય વિગેરેનું સામાન્ય જે જાણપણું તે સામાન્યોપલબ્ધિ કહેવાય, અને વાચક વિગેરેથી વાચ્યનું વિશેષ જાણપણું અર્થાત અનેક અવાન્તર ધર્મયુક્ત જ્ઞાન તે વિશેષોપલબ્ધિ કહેવાય. ઉપલબ્ધિ અનુપલબ્ધિની અપેક્ષા રાખવાવાળી હોવાથી અનુપલબ્ધિ સંબંધી પણ કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરૂપણુ કરવું ઉચિત છે.

અનુપલબ્ધિ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે છેઃ—

(૧) અત્યન્તાનુપલબ્ધિ, (૨) સામાન્યાનુપલબ્ધિ, અને **(૩) વિસ્મરણાનુપલબ્ધિ** વસ્તુ દેખવા છતાં પણ તે વસ્તુ કોઈ પણ વખતે ન જોયેલી તથા ન જાણેલી હોવાથી આ વસ્તુ શું છે? તે સંબંધી જે લેશ પણ જ્ઞાન થતું નથી તેનું નામ અત્યન્તાનુપલબ્ધિ. જેમકે પશ્ચિમ દિશામાં રહેનારા મ્લેચ્છ લોકોએ ફણસ નામના ફળને કોઈ પણ વખતે જોએલું ન હોવાથી ફણસને દેખવા છતાં પણ આ શું છે? તે સંબંધી જેમ જ્ઞાન થતું નથી. આવા પ્રકારને 'અત્યન્તાનુપલબ્ધિ' કહેવાય છે.

વસ્તુનું જાણપણું હોય છતાં તે વસ્તુ બીજી ઘણી વસ્તુ સાથે ભળી ગયેલ હોવાથી તે વસ્તુનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. જેમકે ઘણા મગમાં ભળી ગયેલા થોડા અડદના દાણા. આવા જ્ઞાનને 'સામાન્યાનુપલબ્ધિ' કહેવાય છે.

અમુક વસ્તુને જાણતો હોય છતાં અમુક વખતે કોઈ વ્યક્તિ તે જાણેલી વસ્તુ સંબંધી પ્રશ્ન કરે છતાં તે વસ્તુના વિસ્મરણને અંગે જાણપણું ન થાય તે 'વિસ્મરણાનુપલબ્ધિ' કહેવાય.

આગળ ઉપલબ્ધિના જે બે પ્રકારો કહ્યા છે તેમાં વિશેષોપલબ્ધિના પાંચ પ્રકાર કહેવાય છે, તે આ પ્રમાણેઃ-(૧) **સાદશ્યોપલબ્ધિ, (૨) વિપક્ષોપલબ્ધિ, (૩) ઉભયોપલબ્ધિ, (૪) ઉપમોપલબ્ધિ,** અને **(૫) આગમોપલબ્ધિ.** વસ્તુ પરોક્ષ છતાં પણ તે વખતે દેખાતી અન્ય વસ્તુના સાદશ્યને અંગે પરોક્ષ વસ્તુનું પણ જે જાણપણું થવું તે 'સાદશ્યોપલબ્ધિ' જેમકે બે સહોદર પૈકી એકને જોવાથી બીજા પરોક્ષ સહોદરનું પણ જ્ઞાન થવું તે.

વસ્તુ પરોક્ષ છતાં તેની પ્રતિપક્ષી વસ્તુ જોવાથી પરોક્ષ વસ્તુનું જ્ઞાન થવું તે 'વિપક્ષોપલબ્ધિ' જેમકે સર્પ દેખવાથી તેના પ્રતિપક્ષી (પરોક્ષ) નકુલનું જ્ઞાન થવું તે.

ઉભય અર્થાત્ સમાન અને વિરુદ્ધ બન્ને પ્રકારના ધર્મો એક જ વસ્તુમાં દેખવાથી સમાનનું અને વિરુદ્ધનું બન્નેનું જ્ઞાન થવું તે 'ઉભયધર્મોપલબ્ધિ' જેમકે ખચ્ચરને દેખવાથી અશ્વ અને ગધેડો બન્નેનું જ્ઞાન થવું તે.

'ગાયના જેવું રોઝ હોય છે' એવું ઘણી વાર જેણે સાંભળેલ છે તેવો મનુષ્ય (કે જેણે રોઝને કોઇ પણ વખતે જોયેલ નથી) એકદા જંગલમાં જતા રોઝને જોઇને તુરત સમજી જાય છે કે આ રોઝ છે. તે 'ઉપમોપલબ્ધિ.'

સર્વજ્ઞ ભગવંતોએ કહેલાં આગમવચનો પ્રમાણભુત છે, એવું સમજનાર વ્યક્તિને ઇન્દ્રિયોથી અગોચર એવા ભવ્યાભવ્યત્વ, દેવકુરુ, ઉત્તરકુરુ, મોક્ષ વિગેરે પદાર્થો સંબંધી જે જ્ઞાન થાય છે તે 'આગમોપલબ્ધિ' કહેવાય.

આ સર્વ ઉપલબ્ધિઓ સંજ્ઞીને જ હોય છે. હવે અસંજ્ઞીને શી રીતે હોય? તે સમજાવે છેઃ—

અસંજ્ઞી જીવોને દીર્ઘકાલિકયાદિ સંજ્ઞાના અભાવે પદાર્થનું દર્શન હોવા છતાં પણ એકાન્તથી અક્ષરલાભ થઇ શકતો નથી, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે—અસંજ્ઞી જીવો શ્રોત્રેન્દ્રિયના સદ્ભાવે શંખ શબ્દનું શ્રવણ કરે છતાં શ્રવણમાત્રથી આ શંખનો શબ્દ છે તેવો નિર્ણય કરી શકતા નથી, જ્યારે સંજ્ઞી જીવોને વિષય અને ઇન્દ્રિયોનો સંબંધ થવાની સાથે જ આ શંખનો શબ્દ છે ઇત્યાકારક અક્ષર-લાભ થઈ શકે છે. પરંતુ આ શંખનો શબ્દ છે કે રણશીંગાનો શબ્દ છે, ઇત્યાકારક નિર્ણય તો થાય અથવા ન પણ થાય. આ પ્રમાણે બાકીની ઇન્દ્રિયો માટે પણ સમજવું.

॥ ઇતિ લબ્ધ્યક્ષરસ્વરૂપમ્ ॥

હવે વ્યંજનાક્ષરનું સ્વરૂપ કહેવાય છે:—

વાચક એવા જે અક્ષરોવડે વાચ્ય એવા જે ઘટપટાદિ પદાર્થો પ્રગટ કરાય તે અક્ષરો વ્યંજનાક્ષર કહેવાય.

વ્યંજનાક્ષરો બે પ્રકારે-**યથાર્થનિયત** અને **અયથાર્થ**. યથાર્થનિયત એટલે અન્વર્થ યુક્ત, જેમકે क्षपयतीति क्षपणः (ખપાવે તે ક્ષપણ) અને तपतीति तपनः (જે તપે તે તપન એટલે સૂર્ય) ઇત્યાદિ. અયથાર્થ એટલે જેમાં નામ પ્રમાણે ગુણ ન હોય તે, જેમકે इन्द्रगोपक. આ પ્રાણી કાંઈ ઇન્દ્રનું રક્ષણ કરતું નથી છતાં જેમ ઇન્દ્રગોપક કહેવાય છે, અથવા पलाशः એટલે પાંદડું, પાંદડું કાંઇ પલ પ્રમાણ ખાતું નથી છતાં તેને પલાશ કહેવાય.

અથવા વ્યંજનાક્ષર બે પ્રકારે:—**એકપર્યાય** અને **અનેકપર્યાય**. એક પદવડે જેમાં એક જ પર્યાય કહેવા યોગ્ય છે તે એકપર્યાય, જેમકે અલોક, સ્થંડિલ વિગેરે, 'અલોક' શબ્દથી અલોક સિવાય બીજું કશું પણ કહેવા યોગ્ય નથી, તેમજ 'સ્થંડિલ' શબ્દવડે સ્થંડિલત્વ પર્યાય સિવાય બીજું કશું પણ કહેવા યોગ્ય નથી. એથી તેવા શબ્દો એકપર્યાય કહેવાય છે. એક પદવડે જેમાં અનેક પર્યાયો કહેવા યોગ્ય હોય તે અનેકપર્યાય વ્યંજનાક્ષર કહેવાય. જેમકે 'जीव' શબ્દ. જીવ શબ્દવડે જીવ પણ કહેવાય, સત્ત્વ પણ કહેવાય અને પ્રાણી પણ કહેવાય.

શંકા:—જીવ, સત્ત્વ, પ્રાણી, એ શબ્દોમાં શું તફાવત ?

સમાધાન:—બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચઉરિન્દ્રિય 'પ્રાણીઓ' કહેવાય, વૃક્ષોને 'ભૂત' કહેવાય, પંચેન્દ્રિયોને 'જીવ' કહેવાય અને બાકીનાને સત્ત્વ કહેવાય. જે માટે કહ્યું છે કે—

प्राणाः द्वि-त्रि-चतुः प्रोक्ता, भूताश्च तरवः स्मृताः ।
जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः शेषाः सत्त्वा उदीरिताः ॥१॥

એ પ્રમાણે અન્ય પદો માટે પણ વિચારવું.

અથવા વ્યંજનાક્ષર બે પ્રકારે-**એકાક્ષર** અને **અનેકાક્ષર**. धीः श्रीः ઇત્યાદિ એકાક્ષર પદો, અને વીણા, લતા, માલા ઇત્યાદિ અનેકાક્ષર પદો.

અથવા **સંસ્કૃત ભાષાયુક્ત** અને **પ્રાકૃત ભાષાયુક્ત** એમ બે પ્રકારે વ્યંજનાક્ષરો છે. જેમકે वृक्षः એ સંસ્કૃત અને रुक्खो એ પ્રાકૃત૦ અથવા જુદા જુદા દેશોની અપેક્ષાએ વ્યંજનાક્ષર અનેક પ્રકારે હોય છે.

જેમકે મગધ દેશમાં ભાતને માટે ओदनः લાટદેશમાં कूरः, દ્રમિલદેશમાં चौरः, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આન્ધ્રદેશમાં इडाकु: ઇત્યાદિ શબ્દો કહેવાય છે. વળી એ વ્યંજનાક્ષર બે પ્રકારે: **ભિન્ન અને અભિન્ન**. તેમાં અભિન્ન આ પ્રમાણે– છરી, અગ્નિ, મોદક વિગેરે શબ્દોનું ઉચ્ચારણ થાય તે પ્રસંગે બોલનારના મુખમાં અને સાંભળનારના કાનમાં છેદન, દાહ તેમજ પુષ્ટિ થતી નથી તેથી સ્પષ્ટ છે કે અભિધેયથી અભિધાન ભિન્ન છે. વળી છરી, અગ્નિ, મોદકાદિ શબ્દોનું ઉચ્ચારણ થતાં તે તે વસ્તુઓ જ અભિધેય-વાચ્ય રૂપે ખ્યાલમાં આવેથી તેથી અભિન્નપણું સ્પષ્ટ છે. જો એટલું પણ અભિન્નપણું ન હોત તો મોદકશબ્દના ઉચ્ચારણથી લડુની પ્રતીતિ ન થાત.

તથા પ્રત્યેક અક્ષરોના બે પ્રકારના પર્યાયો છે. **સ્વપર્યાય** અને **પરપર્યાય**, તેમાં અ વર્ણના હ્રસ્વ દીર્ઘ પ્લુત, તે પ્રત્યેકના ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એમ નવ ભેદો થયા, તે નવમાં અનુનાસિક અને અનનુનાસિક એવા બે ભેદો હોવાથી એકંદર અના અઢાર ભેદો થયા. આ બધા અના સ્વપર્યાય છે.

વળી એ અક્ષરો સાથે એક અક્ષરનો સંયોગ, બે અક્ષરનો સંયોગ એમ જેટલાં અક્ષરોના સંયોગ ઘટી શકે તેટલા સંયોગોવડે થતા જે જુદા જુદા શબ્દો અને તે શબ્દોથી વાચ્ય જે અર્થો તે બધા ય પણ એક વિવક્ષિત અકાર વિગેરે અક્ષરના સ્વપર્યાયો છે.

જે સંયોગો, સંયોગોવડે થતા શબ્દો, અને શબ્દોથી નીકળતા અર્થો એ વિવક્ષિત અક્ષરની સાથે ન ઘટી શકતા હોય તે બધા ય તે અકારના પરપર્યાયો છે. એ પ્રમાણે ઇ-વર્ણાદિના પણ સ્વપર્યાયો અને પરપર્યાયો સ્વયં સમજી લેવા.

શંકા:–અના જે ઉપર જણાવેલા સ્વપર્યાયો તે તે તેના પર્યાયો ગણાય, પરંતુ જે પરપર્યાયો તે અના પરપર્યાયો કેમ ગણાય?

સમાધાન:–સ્વપર્યાય સિવાય જે અન્ય પર્યાયો છે તે પણ તેના જ પરપર્યાય તરીકે ગણાય છે; કારણ કે જુદા પડવારૂપે તે પરપર્યાયોનું વિશિષ્ટપણું છે માટે, જેમકે આ માણસથી પારકો છે.

આ સ્વપર્યાયો અને પરપર્યાયો બે પ્રકારના છે. સંબદ્ધ અને અસંબદ્ધ. તેમાં 'અ' કારના જે જે સ્વપર્યાયો તે અસ્તિત્વેન સ્વસંબદ્ધ છે જ્યારે નાસ્તિત્વેન અસંબદ્ધ છે. એ જ પ્રમાણે જે પરપર્યાયો છે તે નાસ્તિત્વેન સંબદ્ધ છે અને અસ્તિત્વેન અસંબદ્ધ છે. જેમકે:–

ઘટ શબ્દમાં ઘકાર ટકારના જે આકારો અને તેના પર્યાયોનું તેમાં વિદ્યમાનપણું હોવાથી તે પર્યાયો અસ્તિત્વેન સંબદ્ધ છે, જ્યારે રથ વિગેરે શબ્દોમાં તે ઘકાર ટકારના આકારો અને પર્યાયોનું અવિદ્યમાનપણું હોવાથી અસ્તિત્વેન અસંબદ્ધ છે. એ પ્રમાણે અસ્તિત્વેન સ્વપર્યાયો વિવક્ષિત પદમાં સંબદ્ધ છે અને અન્યત્ર અસંબદ્ધ છે એમ જણાવ્યું, એથી સાથે સાથે એ પણ સ્પષ્ટ થયું કે:— સ્વપર્યાયો નાસ્તિત્વેન વિવક્ષિત પદમાં અસંબદ્ધ છે અને અન્યત્ર સંબદ્ધ છે. એ પ્રમાણે રથ વિગેરે પદો માટે પણ સ્વયં બુદ્ધિપૂર્વક વિચારી લેવું.

એ પ્રમાણે વ્યંજનાક્ષરનું સ્વરૂપ કહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેના કથનથી ત્રણે પ્રકારના અક્ષરોનું સ્વરૂપ કહેવાયું. તેમાં કેવલ અક્ષરને જ સંજ્ઞાક્ષર કહેવામાં આવતા નથી, પરંતુ અક્ષરજન્ય જ્ઞાનને પણ સંજ્ઞાક્ષરશ્રુત કહેવાય છે.

શંકાઃ—એ અક્ષરનું પ્રમાણ કેટલું ?

સમાધાનઃ–સર્વાકાશપ્રદેશોથી અનન્તગુણ.

શંકાઃ—તે શી રીતે હોય ?

સમાધાનઃ—એક એક આકાશપ્રદેશ અનન્ત અગુરૂલઘુપર્યાયોવડે યુક્ત છે. તે સર્વ અગુરૂલઘુપર્યાયો (કેવલ)જ્ઞાનવડે જાણી શકાય છે. જે જ્ઞાનસ્વભાવવડે જે એક પર્યાય જાણી શકાય તે જ જ્ઞાનસ્વભાવવડે બીજો પર્યાય જાણી શકાય તેમ ન સમજવું. જો એમ થાય તો બન્ને પર્યાયો એક થઈ જશે, માટે અન્ય જ્ઞાનસ્વભાવવડે જ અન્ય પર્યાય જાણી શકાય છે. તેથી એ સિદ્ધ થયું કે જેટલા અગુરૂલઘુપર્યાયો છે તેટલા જ્ઞાનસ્વભાવો છે. જે માટે કહ્યું છે કેઃ—

जावइया पज्जवा ते, तावइया तेसु नाणभेया वि ॥

એથી સર્વાકાશપ્રદેશથી અનન્તગુણ અક્ષરનું પ્રમાણ છે તે સિદ્ધ થયું.

શંકાઃ—પ્રત્યેક આકાશપ્રદેશ અનન્ત અગુરૂલઘુપર્યાયોવડે સંયુક્ત છે એમ જે કહ્યું તે શી રીતે ?

સમાધાનઃ—વસ્તુ (દ્રવ્ય) બે પ્રકારનીઃ રૂપી તથા અરૂપી. તેમાં રૂપીદ્રવ્ય ચાર પ્રકારે ગુરૂ, લઘુ, ગુરૂલઘુ તથા અગુરૂલઘુ. આ કથન પણ વ્યવહારથી સમજવું. નિશ્ચયથી તો ગુરૂલઘુ તેમજ અગુરૂલઘુ એમ બે પ્રકારનું જ દ્રવ્ય છે તે હવે પછી જણાવાશે. [ચાલુ]

યુદ્ધ દાવાનળે દાઝયા તપેલા પૃથિવીતલે
અમી વર્ષાવતી શીળી કોની આ પગલી પડે !
કોના સુણીને સુર આંસુભીના
ગળી જતી વિશ્વની ઘોર હિંસા
ઊલેચવા પાપ યુગો-યુગોના
શું ઊતરી મૂર્તિમતી અહિંસા

ઉમાશંકરકૃત 'વિશ્વશાંતિ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લો ભ

લેખક
ગાંધી

લોભ એ કષાયનો ચોથો પ્રકાર છે. તે પણ પરિણામતરતમતાએ ચાર પ્રકારનો છે. "લોભને થોભ નહિ." એ લૌકિક કહેવત છે જેથી તેને સમુદ્રની ઉપમા આપેલ છે. લોભ કષાય રાગના ઘરનો છે અને તેનો જોડીયો કષાય માયા છે. ક્રોધ, માન, માયા ત્રણે કષાયો વેળાસર છૂટે પરંતુ લોભ કષાય છૂટવો ઘણો જ મુશ્કેલ છે. શાસ્ત્રકાર મહારાજે બારમા ગુણસ્થાને તેનો ક્ષય કહ્યો છે. બધા કષાય કરતાં લોભની ચીકાશ, લાંબા કાળે ઘણું જ આત્મબળ વધે ત્યારે જ છૂટે છે. કષાયને માટે પ્રશમરતિ ગ્રંથના કર્ત્તા શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજે કહેલ છે કે–

क्रोधात्प्रीतिविनाशं, मानाद्विनयोपघातमाप्नोति।
शाठ्यात्प्रत्ययहानिं, सर्वगुणविनाशनं लोभात्॥

ક્રોધથી પ્રીતિનો, માનથી વિનયનો, માયાથી સરલતા ને વિશ્વાસનો અને લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે.

મહાન પુરુષોએ લોભને સર્વ આપત્તિના મૂળરૂપ જણાવેલ છે. તૃષ્ણાથી મનુષ્ય ગમે તેવા પાપો કરી ધનવસ્તુનો સંગ્રહ કરે છે અને પોતાની સત્તા તેના ઉપર જમાવવા ગમે તેવું આચરણ ચલાવે છે. લોભને મર્યાદા કે હદ હોતી નથી જેથી પરિગ્રહનું પ્રમાણ કરવા જૈન શાસ્ત્રકારો જણાવે છે. એક વસ્તુની તૃષ્ણા લાગી, પછી તે મળતાં વધારે મેળવવાની ઇચ્છા થાય છે—લોભ વધે છે એ વિચિત્રતા જ છે.

મનુષ્ય લોભની ખાતર હિંસા કરે છે, અસત્ય બોલે છે અને વખતે શાહુકારી બતાવી ચોરી કરે છે, ઠગે છે, ખોટા દસ્તાવેજ કરે છે, કૂડા માપ રાખે છે, ખોટી સાક્ષી પૂરે છે, વિશ્વાસઘાત પણ કરે છે. લોભથી અનેક પાપોની પરંપરા ચાલી આવે છે. લોભ સર્વ અનર્થનું મૂળ છે તેથી જ તે લાંબા વખત સુધી રહે છે અને ઘણા જ ધર્મ અનુષ્ઠાનો કર્યા પછી જાય છે. લોભથી મનુષ્ય પોતાના પિતાનું મૃત્યુ પણ વાંચ્છે છે.

વ્યવહારમાં ધનની જરૂર છે, પણ તે ઉપરાંત વિશેષ એકઠું કરવા પ્રયત્ન કરનાર ધનથી મળતું સુખ પણ ભોગવી શકતા નથી. લોભી મનુષ્યમાં દાન દેવાની વૃત્તિ હોતી નથી તેમ પોતાના મેળે પણ ઉપભોગ કરી શકતા નથી.

ધનના ત્રણ માર્ગો છેઃ દાન, ભોગ અને નાશઃ દાન દે નહિં, ભોગોપભોગમાં ઉપયોગ કરે નહિં તેની છેલ્લી સ્થિતિ–ધનનો નાશ જ છે.

લોભી મનુષ્ય પાંચ ઇંદ્રિયોના વિષયસુખ ભોગવવા ધન પ્રાપ્ત કરે છે પણ ઇંદ્રિયસુખ અશાશ્વત છે, દુઃખથી ભરપૂર છે. લોભી મનુષ્યને શાશ્વત અને ક્ષણિક વસ્તુઓનો વિવેક હોતો નથી.

આપણી જરૂરિયાતો અને સગવડોની ખાતર જેટલું ધન આવશ્યક હોય તેનાથી વિશેષ ધન નિરર્થક તથા બોજારૂપ છે તે માટે જરૂર સિવાય વધારે ધન હોય તો ધર્મમાર્ગે ખરચવા શાસ્ત્ર બોધે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તમાન કાળમાં મનુષ્યોની મોજશોખ, ખાવા-પીવાની વૃત્તિઓ વધતી જાય છે. લોકોમાં વાહવાહ કહેવરાવવાની પ્રવૃત્તિ વધતી છે. કીર્ત્તિના અભિલાષી થઈ, ખાલી આડંબરથી માનપ્રતિષ્ઠા વધારવા માંગીએ છીએ જેથી વ્યવહાર અને વ્યાપારમાં પણ કાવાદાવા, છેતરપીંડી, ખોટી રીતે ધન મેળવવા અનેક પ્રયત્નો કરીએ છીએ. વ્યાપારમાં અંદરખાને પોલ હોય અને લોકોને મોટા વ્યાપારી અને વ્યવહાર ઉજળો બતાવવા કંઈક જાતના આડંબરો, ઠાળો, ઉદારતા બતાવી પોતાની આંટ ઊભી રાખવા, વ્યવહારમાં બીજાઓને આંજી નાંખે તેવા ધર્મના, સમાજ વગેરેમાં ઉજળા દેખાવાના પ્રયત્નો કરે છે. આ તૃષ્ણા—લોભવૃત્તિ છેવટે તેવા મનુષ્યનું અધઃપતન કરે છે.

આપણી જરૂરિયાતો જેમ વધારીયે તેમ વધે છે, અને તેથી લોભવૃત્તિ અનેક પાપોને ખેંચી લાવે છે; પરંતુ તેને બદલે શુદ્ધ સાત્વિક ખોરાક, સ્વચ્છ જળ, સ્વચ્છ-સાદા કપડા અને ત્રણે ઋતુમાં શરીરનું રક્ષણ થાય તેવું સાદું મકાન અને કુટુંબના કે પોતાના ઉપયોગમાં આવે તેટલું સ્થિતિસંપન્ન રાચરચીલું વગેરેની મનુષ્યને જરૂર છે. ધર્મ સાધન માટે શરીર ઉપયોગી થાય તેટલા પૂરતી સાધનની જરૂર છે, પરંતુ બાકી વધારે ચીજોની જરૂર નથી. આટલી સંતોષવૃત્તિ મનુષ્યને જાગૃત થાય તો લોભ ઘટતો જાય છે. ખાનપાન જોઈએ તે કરતાં વધારે લેવાને પરિણામે મનુષ્યને અજીર્ણ થતાં અનેક પાપોની શ્રેણીઓ ઊભી થાય છે. પાપનો બાપ લોભ કહેવાય છે અને તેને પાપનું મૂળ પણ કહેવામાં આવે છે. મનુષ્ય વિચાર કરે કે મને મળેલ ધન, વૈભવ સાથે આવવાના નથી, છેવટ સુધી ટકી રહે તેવું તો પુણ્ય છે અને તે જ જિંદગી સુધી રહે. આપણે આત્મા છીયે, સાથે તો પાપ-પુણ્ય જ આવવાના છે અને આ ભવમાં મળેલ વૈભવ વગેરે સાધનો ખરી રીતે આત્માના નથી—કાયમ રહેવાના નથી—પરભવમાં આવવાના નથી તો શામાટે તેના ઉપર માલેકી ધરાવવી જોઈએ ? જેથી તેના ટ્રસ્ટીઓ છીયે અને તેનો વ્યવહાર અને ધર્મમાં સદુપયોગ કરવાનો છે એમ માનીએ તો તે દુઃખરૂપ થતાં નથી. મનુષ્યે મેળવેલું જ્ઞાન, ખીલવેલી શક્તિ અને મનુષ્ય જન્મનું સાર્થક કરવા મેળવેલો આનંદ તે જ આપણા છે અને તે જ સાથે આવવાના છે એવી વૃતિ ઉત્પન્ન થાય તો સંતોષ પ્રગટે છે.

દરેક મનુષ્યે ધન, વૈભવ મેળવવા વગેરે બાબતમાં મર્યાદિતપણું (પરિગ્રહ પરિમાણ કરવું) અને અમુક હદે સંતોષી થવું જોઈએ, અને તેનું પરિમાણ (ચૌદ નિયમ ધારવાપૂર્વક) કરી લોભ-તૃષ્ણાની વૃત્તિ ઉપર જય મેળવવા દિવસાનુદિવસ પ્રયત્ન કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણાં પર્વો

[ગતાંક પૃષ્ઠ ૧૮ થી ચાલુ]

લે૦ ચોકસી

૪. **મૌન** એકાદશી (માગશર શુદ ૧૧). આ પર્વ પણ તપ આરાધન અર્થે જ છે. જ્ઞાનપંચમી જેમ જ્ઞાનગુણની સાધના સારુ છે તેમ આ એકાદશી મૌન ગુણ ખીલવવા માટે છે. વ્યક્તિ મૌનતાને કેળવીને ઘણી પ્રગતિ સાધી શકે છે. એથી આવતા કર્મો પર ઠીક–ઠીક અંકુશ પ્રાપ્ત થાય છે. માત્ર જરૂર પૂરતી જ ભાષા વાપરવાની શક્તિ સિદ્ધ થાય છે. વળી એ ભાષા પણ વિચારપૂર્વક પ્રગટ કરાય છે, એટલે એની અસર ઘણા જ વેગવાળી હોય છે. આ બધી શક્તિ પ્રાપ્ત કરવાનું સાધન વાણી પર અંકુશ રાખી વિચારપૂર્વક કેળવવામાં આવેલી મૌનવૃત્તિ જ છે. એ વેળા આત્મચિંતનને સંપૂર્ણ અવકાશ મળે છે. બાહ્યવૃત્તિઓથી પરાઙ્મુખતા પ્રાપ્ત થાય છે એટલે આત્માને આંતરિક વિષયોમાં વિચરવાનું સરળ થઇ પડે છે. આજે પણ આપણે મહાત્મા ગાંધીજીના મૌન સોમવારનું માહાત્મ્ય આપણી નજર સામે જોઇ રહ્યા છીએ. જો કે આ પર્વના મૂળમાં ઊતરતાં એની ઉત્પત્તિ તીર્થંકરદેવ શ્રી નેમિનાથ સાથે વાસુદેવ શ્રી કૃષ્ણના વાર્તાલાપ પરથી જણાય છે છતાં બુદ્ધિ સહ મેળ મેળવતાં આ ગુણની આવશ્યકતા પણ પ્રત્યેક વ્યકિતને ઓછી તો નથી જ. કુયોગોને રોધવાનો મૌનસેવન એ રાજમાર્ગ છે.

૫. કાર્તિક ચોમાસી (કા. શુ. ૧૪). આ દિને દેશાવકાસિક વા પૌષધ તપ કરનારાઓની સંખ્યા વિશેષ હોય છે. તપની આરાધના અને ચોવીશ જિનની વંદના એ મુખ્ય કર્તવ્ય છે. સંધ્યાકાળે માત્ર દિવસ સંબંધી જ નહીં પણ ગત ચાર મહિના દરમિયાન થએલ દોષોની ચૌમાસી પ્રતિક્રમણ વેળા ક્ષમાપના કરવામાં આવે છે. આ પ્રથમ ચૌમાસી છે. આ દિવસ પછી ભાજી, પાન, ખજુર વીગેરે ખાવાની છૂટ થાય છે. ઉકાળેલ, પાણી વિગેરેનો કાળ પણ બદલાય છે. તાત્પર્ય એ જ કે શિયાળાની ઋતુ બેસતી હોવાથી તેને અનુરૂપ ક્રમ ગોઠવાય છે.

૬. **કાર્તિક** પૂર્ણિમા (કા. શુ. ૧૫). આ દિને અવશ્ય તપ કરનારા હોય છે છતાં મુખ્ય રીતે આ પર્વ દેવદર્શન યાને સિદ્ધાલય યાત્રાદિન તરીકે સુપ્રસિદ્ધ છે. એ પવિત્ર દિવસે શ્રી શત્રુંજયગિરિ પર ઘણા જીવો ભૂતકાળમાં મુક્તિપદને વર્યા છે તેથી પાલીતાણામાં એ દિને ખાસ કરીને મોટો યાત્રાળુ સમૂહ એકઠો થાય છે, વળી ચોમાસા પછી યાત્રા શરૂ કરવાનો એ પ્રથમ દિન હોવાથી પણ સહજ જનસંખ્યા વિશેષ હોય છે. જ્યાં જ્યાં જૈન સમુદાય વસ્યો હોય છે ત્યાં ત્યાં આ દિવસે શહેર યા ગ્રામની નજદીકમાં સિદ્ધાચળનો પટ (નકશો) બાંધવામાં આવે છે. જૈન જનતા એના દર્શન કરી યાત્રા કર્યાનું ફળ પ્રાપ્ત કરે છે. આ દિનથી સાધુઓ માટે વિહાર ખુલ્લો થાય છે.

૭. **પાર્શ્વ** દશમી યાને પોશ દશમ (માગ. વ. ૧૦) આ દિવસે ત્રેવીશમા જિન શ્રી પાર્શ્વનાથ જન્મ્યા છે તેથી એનું મહાત્મ્ય જન્મકલ્યાણક તરીકે છે. એ દિને કેટલાક આત્માઓ અવશ્ય એકાશન કરે છે. સામાન્યતઃ જૈનેતર સમાજમાં ચોવીશ તીર્થંકરમાંથી શ્રી પાર્શ્વનાથની ખ્યાતિ સવિશેષ છે. વળી તેઓ પુરુષાદાની ને પ્રભાવી હોવાથી એમના સંબંધી ચમત્કારો પણ વિશેષ બન્યા છે એટલે ઘણાખરા તો જૈનધર્મને પાર્શ્વનાથના ધર્મ તરીકે જ ઓળખે છે. વળી બીજા તીર્થંકરોની પ્રતિમા કરતાં એમની પ્રતિમા–સંખ્યા સવિશેષ દૃષ્ટિગોચર થાય છે એ પણ સુપ્રસિદ્ધતાનું એક પ્રબળ સાધન છે. આ દિવસને આનંદનો દિન સમજી, પૂજા ભણાવી કેટલાક એ નિમિત્તે જમણ પણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮. મેરુ ત્રયોદશી યાને મેરુ તેરશ (મહા વદ ૧૧), આ પર્વનું મહાત્મ્ય નારીવૃંદમાં સવિશેષ છે. ધૃતાદિકના મેરુ (પર્વત) બનાવી દેવાલયમાં મૂકવામાં આવે છે. વળી એ દિને ખાસ કરીને કંઇને કંઈ તપકરણી કરવામાં આવે છે.

૯. ફાલ્ગુન ચોમાશી (ફા. શુ.૧૪). શીતઋતુના સમાપ્તિકાળે અને ગ્રીષ્મના મંડાણમાં આ બીજી ચોમાશી આવે છે. એ કાળે ઋતુના ફેરફારોની અસર આહારાદિ વસ્તુઓ પર થાય છે એથી ભાજીપાલો તેમજ ખજુર વિ. ચીજોમાં જીવોત્પત્તિનો સંભવ થાય છે એટલે તે સર્વનો ત્યાગ ઇષ્ટ મનાય છે. આ દિનની ઉજવણી પણ પૌષધ, દેશાવગાસિક કે ઉપવાસ આદિના વ્રતથી થાય છે. ચોવીશ જિન સંબંધી દેવવંદન વિધિ પ્રથમ ચોમાશી માફક સમજવાનો છે. કેટલાક વ્રતધારીઓ ફા. શુ. ૧૪ ને ફા. શુ. ૧૫ ને હોલિકા પર્વ તરીકે ખ્યાત છે તેનો છઠ્ઠ કરે છે. સંધ્યાકાળે ચોમાસી પ્રતિક્રમણ કરાય છે.

૧૦. હોલિકા પર્વ (ફા. શુ. ૧૫) જૈન ધર્મમાં આ સંબંધમાં એક ચોક્કસ કથાનક છે જે હોલિકા તથા ઢુંઢાની' કથા તરીકે વર્ણવાય છે. અગ્નિમાં કાષ્ઠ બાળવા, ધૂળ ઉરાડવી, ફાગ કે અપશબ્દભરી વાણી ઉચ્ચારવી અને યથેચ્છ વિહાર કે કુચેષ્ટાઓ કરવી એ જૈનધર્મને મંજુર નથી. સમજુ વ્યક્તિ એવી પર્વ ઉજવણીમાં પ્રમોદ ન જ માને. વસ્તુતઃ દહન તો કર્મનું કરવાનું છે, જે તપાદિ કરણીના પાલનમાં જ સંભવે છે.

૧૧. શ્રી મહાવીર જયંતિ (ચૈત્ર શુ. ૧૩). વર્તમાન જૈન શાસનને પ્રવર્તાવનાર ચરમ જિનપતિ શ્રી મહાવીર દેવનો એ જન્મદિન છે. આમ તીર્થની દૃષ્ટિએ મૂળપુરુષ ગણાતા અને તીર્થંકરોની ગણત્રીએ છેલ્લા મનાતા તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીનું જન્મકલ્યાણક વિવિધ પ્રકારે ઉજવવું એ પ્રત્યેક જૈનનું આવશ્યક કાર્ય છે. કોઇ એ દહાડે તપાનુષ્ઠાન કરે તે માટે મનાઇ ન જ હોય છતાં આ પર્વ આનંદ-ઉલ્લાસનું ગણાય. એ દિને પૂજા-સરઘસ-વરઘોડો અને ભાષણ કે વ્યાખ્યાનોદ્વારા પ્રભુશ્રીનો ઉપદેશ જૈનોમાં જ નહિં પણ જૈનેતરોમાં પણ સારી રીતે પ્રચારી શકાય એવા માર્ગો યોજાય છે અને હજુ સવિશેષ યોજવાની આવશ્યકતા છે. પ્રભુશ્રીની અહિંસા, સત્ય અને અનેકાંત શૈલી સંબંધી જેટલું જ્ઞાન વધારે વિસ્તારવામાં આવે એટલી હદે વિશ્વ પર શાંતિનું સામ્રાજ્ય વધે એ નિઃસન્દેહ વાત હોવાથી ' સવિ જીવ કરું શાસનરસી ' એવી ઉદાર ભાવનાથી આ દિવસનું માહાત્મ્ય સાર્વજનિક કરવા યત્ન સેવવો ઘટે.

૧૨. ચૈત્રી પૂર્ણિમા (ચૈત્ર સુદ ૧૫). કાર્તિકાની માફક જ આ દિનનું માહાત્મ્ય પણ ખાસ કરી શ્રી શત્રુંજય યાને શાશ્વત તીર્થ સહ જોડાયલું છે. એ પુન્ય અવસરે શ્રી યુગાદિ જિનના પ્રથમ ગણધર પુંડરીકજી ઊર્ફે રૂષભસેન શત્રુંજયની શીતળ છાયામાં કર્મોથી કાયમને સારુ મુક્ત થયા. એ સાથે સંખ્યાબંધ આત્માઓએ સ્વકલ્યાણ સાધ્યું. પાલીતાણામાં ઉક્ત દિને ખાસ કરી યાત્રાળુઓ મોટી સંખ્યામાં એકઠા થાય છે ને દાદાના દરબારમાં રથયાત્રાદિ મહોત્સવપૂર્વક પૂજા ભણાવી, તપકરણીપૂર્વક આત્મકલ્યાણમાં દિવસ વ્યતીત કરે છે. અન્ય સ્થળોમાં પણ શત્રુંજયના પટ બંધાય છે ને શ્રદ્ધાળુઓ તેના દર્શનથી યાત્રા કર્યાનો લ્હાવો લે છે. કેટલેક સ્થળે સમવસરણની રચના કરવામાં આવે છે. વળી આયંબિલની ઓળીના આ છેવટનો દિન હોવાથી નરનારીઓ આહ્લાદપૂર્વક વિધિ પણ ત્યાં જ આચરે છે. સમવસરણની રચનાથી પ્રેક્ષકને અને દર્શન કરનારાઓને સહજ ખ્યાલ આવી શકે છે. પ્રભુશ્રી પોતાની વિદ્યમાન અવસ્થામા એનો આશ્રય લઇ બાર પર્ષદા સમક્ષ માલકોશ રાગમાં-સૌકોઇને સમજાય તેવી મનોહર શૈલીમાં-દેશના દેતા હતા. એ સાંભળી ઇંદ્રો, ચક્રવર્તીઓ કે રાજા-મહારાજાઓ માત્ર નહીં પણ નરનારી અને તિર્યંચો પ્રમુખ કોટિગમે જીવોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલ્યાણ સધાતું. ચાલુ સમયની સામગ્રીનો ઉપયોગ કરી આખુંયે દૃશ્ય ગોઠવવામાં આવે તો તે તાદૃશ્ય ચિતાર રજૂ કરી એક સુંદર બોધપાઠરૂપ નિવડે તેમ છે.

૧૩. **અક્ષય તૃતીયા** (વૈશાખ. શુ. ૩). આ તે જ દિન છે કે જે દિવસે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે એક વર્ષના ઉપવાસ પછી શ્રી શ્રેયાંસકુમારને ઘેર ઇક્ષુરસ(શેલડીનો રસ)થી પારણું કર્યું. એ વેળા પ્રભુશ્રીની કરપાત્રશક્તિથી હાથ ઉપર ઢલવાતા ઇક્ષુકુંભોમાંથી એક બિંદુ સરખું પણ નીચે પડ્યું નહીં અને વહોરાવનાર શ્રી શ્રેયાંસકુમારને પણ એ અક્ષય ફળદાતા નિવડ્યું. વર્ષીતપનું પારણું આજે પણ ઉકતદિને કરવામાં આવે છે. જો કે એ સંબંધી ક્રિયા સિદ્ધાચળ(પાલીતાણા)માં કરાય છે; જ્યારે ખરી રીતે એ શ્રેયાંસકુમારની જન્મભૂમિ (હસ્તિનાપુર) કે જ્યાં તેમણે શ્રી યુગાદીશને પારણું કરાવ્યું ત્યાં કરાવી જોઇએ.

૧૪. **અષાડ** ચોમાશી (અશાડ શુ. ૧૪). ગ્રીષ્મની પૂર્ણાહુતિ ને વર્ષાનો પ્રારંભ. એ ઋતુ સંબંધી ફેરફારના નાકા આગળ આવતી આ ત્રીજી ચોમાસી છે. એ વેળા પણ આહાર પાણી સંબંધી કેટલાક ફેરફારો જરૂરના છે. વળી વરસાદમાં, જીવાકુળ ભૂમિ થવાથી કેટલાંક બંધનો પણ સાધુ-સાધ્વી માટે નિયત કરાયલા છે. પૂર્વવત્ તપકરણી ઉપરાંત આ દિન પછીથી પ્રાયઃ સાધુ-સાધ્વી ચાર માસ પર્યંત એક સ્થાને રહે છે. જીવરક્ષા નિમિત્તે સંથારો પણ પાટ પ્રમુખનો આશ્રય લઈ કરે છે. શ્રાવક-શ્રાવિકાઓનો મોટો સમૂહ પણ આ દિવસ પછી ઝાઝી મુસાફરી કરવાનું કે વારંવાર ગ્રામાંતર કરવાનું ઉચિત ગણતો નથી. હાલમાં રેલ્વે-(ટ્રેન)નું સાધન થવાથી અગાઉ માફક આ બંધન દૃઢતાથી નથી પળાતું.

૧૫. દીપોત્સવી (આસો વદ૦))). દીવાળી પર્વનું મહત્ત્વ એ તો જગપ્રસિદ્ધ જ છે. ધર્મી પુરુષો માટે આસો વદ ૧૪) ૦))નો છઠ્ઠ તપ કરવાનો હોય છે. આમ છતાં મોટો ભાગ આ દિનને આનંદનો દિવસ ગણી, સુંદર વસ્ત્રાભૂષણોમાં સજ્જ થઇ દેવદર્શન, પૂજા, પ્રભાવના ને મિષ્ટાન્ન જમણમાં વ્યતીત કરે છે. આ દિવસે છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરદેવ પાછલી રાત્રે મોક્ષપદને પામ્યા. આમ આ નિર્વાણકલ્યાણક તો એક રીતે દુઃખકર પ્રસંગ ગણાય છતાં પ્રભુ તો સર્વથા (કર્મો અને જગત) મુકાયા, આદિ અનંતકાળ સુધી ટકી રહેનાર અનંત ફુળના ભોગી બન્યા એ આનંદનો પ્રસંગ પણ ખરો જ, માટે એની ઉજવણીમાં એ ભાવનાનું પ્રાબલ્ય દૃષ્ટિગોચર થાય છે. ઘરોમાં દિવા પ્રગટાવાય છે, કારણ કે ભાવ ઉદ્યોત વા દીપકરૂપ પ્રભુ તો આપણી વચ્ચેથી સિધાવી ગયા એટલે લોકોએ-જનતાએ-ભક્તોએ દ્રવ્યદીપકો પ્રગટાવી એ પ્રસંગની યાદગીરી ચાલુ રાખી. વળી સંવત્સરનો છેલ્લો દિન પણ એ જ એટલે વહીપૂજન માહાત્મ્ય પણ એની સાથે જોડાયું.

આમ આપણે એકેક દિવસના પર્વની વાત વિચારી ગયા. હવે એક કરતાં વધુ દિવસોવાળા થોડા પર્વો સંબંધી થોડુંક જોઇ લઇએ.

૧૬. **પર્યુષણ પર્વ**—આ જૈન ધર્મના પર્વોમાં મુખ્ય પર્વ ગણાય છે. એનું માહાત્મ્ય પણ સવિશેષ છે. એની સરખામણી કલ્પવૃક્ષ અને શત્રુંજય સહ કરાય છે, તેથી પર્વાધિરાજ નામ પણ તેને શોભે છે. એ આઠ દિવસનું પર્વ છે. ચોમાસામાં આવે છે કે જે વેળા સંસારસ્થ જીવો ઋતુની પ્રતિકૂળતાને લઇ વ્યવસાયોથી કુદરતી રીતે જ પરાઙ્મુખ વૃત્તિમાં વર્તતા હોય અને તેથી નિવૃત્તિ સહજ-સાધ્ય હોય. શ્રાવણ વદ ૧૨ થી એની શરૂઆત થાય છે અને પૂર્ણાહુતિ ભાદ્રપદ શુદ ૪ ના સર્વોત્તમ દિને થાય છે. પ્રભુશ્રી મહાવીરદેવના સમયે અને ત્યારપછી કાલિકાચાર્ય નામના પ્રભાવકસૂરિના સમયમાં ઉક્ત આઠ દિનો શ્રાવણ વદ ૧૩ થી ભા. શુ. ૫ સુધીના ગણાતા. પાછળથી ફેર થવામાં જે ઇતિહાસ છે તે ભાંખો અને વર્તમાનકાળના આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરખા જીવોને નિરસ લાગે તેવો હોવાથી અત્રે એટલું કહી સંતોષ માનીએ કે ધર્મના કામો જ્યારે પણ કરાય છે ત્યારે કલ્યાણકર બને છે. આજે પણ જૂની રીતે એ પર્વનું આરાધન કરનારા છે. આ પર્વના આગલા દિનને અતરવાયણા અને પાછલા દિનને પારણા દિન કહેવાય છે. શ્રા. વ. ૧૨ ઉપવાસદિન, શ્રા. વ. ૧૪ યથાશક્તિ વ્રતકરણાદિન. પ્રથમના આ ત્રણ દિવસોમાં અઠ્ઠાઇને લગતા વ્યાખ્યાનો વંચાય છે. પૂજા, પ્રભાવના ને પ્રતિક્રમણ સવિશેષ થાય છે. ઉપાશ્રયો ભર્યાભર્યા રહે છે. આત્મામાં કુદરતી રીતે શમનવૃત્તિ ને આરંભ-સમારંભથી પીછે-હઠ ઉદ્દ્ભવે છે. સામાન્યતઃ ઉપાશ્રયનું દર્શન નહીં કરનારા પણ આ દિવસોમાં ત્યાં દેખા દે છે. શ્રા. વ. ૦)) એ કલ્પધરનો દિન. કલ્પસૂત્ર કે જેની પવિત્રતા ને માહાત્મ્ય માટે બે મત જેવું છે નહીં એની પૂજા (જ્ઞાનની પૂજા) ભણાવી વાંચન શરૂ થાય છે. સવાર સાંજ બે વાર વ્યાખ્યાન ચાલે છે. પ્રથમ શ્રી વીરચરિત્ર ટૂંકાણમાં શરૂ થાય છે. એ છ વ્યાખ્યાન સુધી ચાલે છે. ભા. શુ. એકમ એ શ્રી વીરજન્મશ્રવણ દિન છે કેમકે ચોથા વ્યાખ્યાનને પ્રાંતે જન્મ થયાનો અધિકાર આવે છે. સ્વપ્ન ઉતારવાની વિધિ થાય છે, પારણા ઝુલાવાય છે, રાત્રિજાગરણ કરાય છે અને મિષ્ટાન્ન ઉડાવાય છે. ભાદ્રપદ શુ. ૨ (તેલાધર) ઉપસર્ગો સંબંધી ને નિર્વાણને લગતા વ્યાખ્યાન. ભાદ્ર. શુ. ૩ (તેલાધર) સવારમાં ત્રેવીશ જિન સંબંધી ને સાંજના સ્થવિરો સંબંધી વ્યાખ્યાન. ભાદ્ર. શુ. ૪ સંવત્સરી, મૂળ કલ્પસૂત્ર યાને બારસા સૂત્ર (૧૨૦૦ શ્લોકપ્રમાણ ઉપરાંત થોડાક) વિધિયુક્ત શ્રવણ કરાય છે. એ દિને ભાગ્યેજ કોઇ ઉપવાસ વગરનો રહે છે. આ વાર્ષિક પર્વ તરિકે પણ ઓળખાય છે. કેટલાકો તો તેલાધરથી સંવત્સરી સુધીનો અઠ્ઠમ કરે છે. પર્યુષણ પર્વના પાંચ કાર્યોમાંનું અઠ્ઠમ પણ એક છે. આ દિવસે વર્ષ સુધીમાં ક્ષમા નહિં કરાયલા કિંવા મિથ્યા નહિં કરાયલા પાપો અને દોષો અવશ્ય સંભારી તેનાથી પાછા હઠવું જ જોઇએ, નહિં તો એ પછી આત્મા અનંતાનુબંધી કષાયોની ચોકડીમાં ધકેલાઇ જાય છે, તેથી પરસ્પર ખમાવવાના કાર્યને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રાઇ અને દેવસી પ્રતિક્રમણ એ દરરોજના પાપ આલોચવા સારુ છે. પંદર દિન માટે પાક્ષિક અને ચાર માસ માટે ચોમાસી પ્રતિક્રમણની ગોઠવણ છે. એ બધામાં પણ કારણવશાત્ જેનો ફાળો ન ભરાયો હોય અથવા તો જેનાથી એ ચારેનો લાભ ન લેવાયો હોય તે સર્વ માટે આ સંવત્સરી પ્રતિક્રમણ એ છેવટની તકરૂપ છે. એ વેળા અવશ્ય પશ્ચાત્તાપદ્વારા એણે પાપભારથી મુક્ત થવું જરૂરી છે. સાચા હૃદયથી અને સમજપૂર્વક એ સર્વ ક્રિયા થાય તો જ એ સાચું 'મિચ્છામિ દુક્કડમ્' છે. આ ઉપરાંત અમારિ પ્રવર્તન અર્થાત્ અભયદાન ને જીવદયાના કાર્યો, આરંભ સમારંભથી નિવૃત્તિ અને ચૈત્યપરિપાટી આદિ કાર્યોપણ આચરવાના હોય છે. આઠે દિવસના ઉપવાસ કરનાર ને સદા પૌષધમાં રહેનાર આત્માઓ પણ આ દિવસમાં મળી રહે છે. કેટલાક આઠ ઉપવાસ કરી અઠ્ઠાઇ કરે છે. કેટલાક આ પર્વ આવતાં પહેલાં બે મહિના, મહિના, પંદર દિનથી ઉપવાસ આદરે છે. આમ આના માહાત્મ્ય અનેરાં છે.

૧૭-૧૮. આયંબિલની ઓળી યાને નવપદ આરાધના પર્વ–ઉપરના પર્વની માફક આ પણ એક દિનથી અધિકનું એટલે નવ દિનનું પર્વ છે. વળી એની વિશેષતા એ છે કે તે વર્ષમાં બે વાર આવે છે. ચૈત્ર શુદ ૭ થી ૧૫ અને આસો શુદ ૭ થી ૧૫. વળી આ પર્વ શાશ્વતું પણ છે કેમ કે એ દિવસોમાં અવર્ણનીય વૈભવશાળી દેવતાઓ પણ આનંદવિલાસને છોડી દઈ નંદીશ્વરદ્વીપે જાય છે અને ત્યાં નવ દિન સુધી વિવિધ વાજીંત્રોના ગાન-તાન ને નૃત્ય યુક્ત અર્હત્ પ્રતિમાની પૂજામાં મગ્ન રહે છે. આ પર્વમાં ખાસ કરી સિદ્ધચક્રજી યાને નવપદની ક્રમશઃ આરાધના કરવામાં આવે છે. આયંબિલનો તપ એટલે કે કેવળ લુખું ભોજન. માત્ર એક વાર લઇ નવ દિન સુધી એ તપ સંબંધી વિધિવિધાન અને પૂજાદિમાં સારોયે સમય પસાર કરવામાં આવે છે. ખાસ કરી આ તપના પ્રભાવથી જેમનો કોઢ રોગ નષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઇ જવા ઉપરાંત, સિદ્ધચક્રજીના ધ્યાનથી જેમને ઋદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ થઇ છે એવા શ્રીપાળ રાજાનો રાસ વાંચવામાં આવે છે. ઉપવાસ, એકાસન, નીવી આદિ તપોમાં આયંબિલની એક વિશિષ્ટતા ખાસ તરી આવે છે કે એ તપમાં રસવૃત્તિ પર જય પ્રાપ્ત કરવાની ખાસ શક્તિ રહેલી છે. રોગ-ચાળાના સમયે કે મરકી આદિના ઉપદ્રવમાં પણ આ તપ દરરોજ હાર્દિક ભાવનાથી ચાલુ રાખવામાં આવે તો વિઘ્નો વિનાશ પામે છે. આ વાત શ્રદ્ધાના મુદ્દા પર અવલંબે છે. બાકી તો દરેક જાતનો તપ જરૂર આત્મિક વિકાસમાં સાધનભૂત થાય છે જ—પણ તે સમજપૂર્વક ને અન્ય સામગ્રી સાથ કરવામાં આવેલો હોય તો જ. જેટલે અંશે આત્મિક વિકાસમાં પ્રગતિ એટલે અંશે કર્મનો નાશ અને કર્મનાશ એટલે કષાયજય વા સંસાર-ભ્રમણમાં ઘટાડો. ક્રોધાદિ કષાયો અને રાગ-દ્વેષાદિ શત્રુઓ પર સર્વથા જય મેળવવો એ જ મુક્તિ, તેથી જ તપને ઇચ્છાનિરોધ તરીકે ઓળખવામાં આવે છે અને વારંવાર એ સાથે કહેવામાં આવે છે કે તપ એટલે ઇચ્છા યા વાસનાનો જેમ જય તેમ જ એ દ્વારા કષાયો પણ પાતળા પડવા જોઇએ. તપાદિ કરણીનું અંતિમ ધ્યેય તો કષાયોનો વિનાશ જ છે. ઇંદ્રિયો પર સંયમ એ કષાયોને પાતળા પાડવામાં સ્હાયભૂત થતો હોવાથી જ આહારાદિ ત્યાગ પર સવિશેષ વજન મૂકાય છે. બાકી બાર પ્રકારના તપનું સ્વરૂપ વિચારતાં સહજ સમજાય તેમ છે કે માત્ર આહાર ત્યાગ કરવાથી કે અમુક વખત આહાર ન વાપરવાથી તપની પૂર્ણાહુતિ નથી થઇ જતી. આહાર-ત્યાગ દ્વારા ઇન્દ્રિયોની ચંચળતા અટકાવી, ખોરાક-જન્ય પ્રમાદથી થતી શિથિલતા ટાળી, આત્માને પર-માત્માએ દર્શાવેલ અનુપમ આગમ-શ્રવણમાં, સ્વા-ધ્યાયમાં અથવા તો ધ્યાન કે આત્મચિંતનમાં તદ્રૂપ બનાવવાનો છે. એવી રીતે જ્ઞાનમાં ઊંડા ઉતરી, ક્રમશઃ વિરતિ યાને ત્યાગવૃત્તિ કેળવી આરંભાદિ પરિગ્રહનું મમત્વ મૂકાવવાનું છે અને એ રીતે આત્માના મૂળ ગુણનું ભાન કરાવવાનું છે—નિસંગતાદિ ગુણોની ખીલવણી કરવાની છે. આમ તપમાં અચિંત્ય શક્તિ છુપાયેલી છે, તેથી તો કહ્યું છે કે सर्वं तपसा साध्यम् तपो हि दूरतिक्रमम् । તપનો પર્વ સાથે સંબંધ ગાઢતર હોવાથી પર્વ સંબંધી સ્વરૂપ વિચારતાં તપ સંબંધી પણ આટલી વિચારણા કરી છે.

ઋગ્વેદના સમયથી આજ સુધીના હિંદુ ધર્મના ઇતિહાસમાં સંતોની પરંપરા અવિચ્છિન્ન ચાલી આવે છે-જે ધર્મસંસ્થાની દિવાલોમાં બારીનું કામ સારે છે; એ બારીઓ ઘરની હવા સ્વચ્છ રાખે છે તથા પ્રકાશ દાખલ કરે છે. દિવાલ અને છાપરા વિના વરસાદ અને વાવાઝોડાથી હેરાન થઇએ, અને બારીઓ વિના ઘરની હવા ગંધાઇ જાય. તે માટે ધાર્મિક જીવનમાં સંસ્થા અને આત્મબળ ઉભયને સ્થાન છે.

—આચાર્ય આનંદશંકર બા. ધ્રુવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતકાળ

આઠ વર્ષની ઉમ્મરથી મને ઘણી વાર મરણુની નજીક રહેવું તેમજ જવું પડયું છે, પણ પચીશ વર્ષ પર અન્તકાળ સમીપની ઘડીઓ જેવી રીતે જતી તેમાં આજની રીતમાં હું એક મોટા ફેરફાર જોઉં છું.

મને યાદ છે કે નાનપણમાં જ્યારે ઘરનો દાક્તર કે વૈદ્ય આશા છોડાવી જાય ત્યારે કોઇ મોટા દાક્તર કે વૈદ્યને એકાદ વાર બોલાવવાની વૃત્તિ વડીલોને થતી ખરી; પણ જો તે ય હાથ ધોઈ નાંખે તો પછી, ઘણું-ખરું, બધાં દવાદારૂ અને દોડાદોડ બંધ કરી નાંખવામાં આવતાં. ત્યારપછી મારા કુટુંબમાં તો એવો રિવાજ હતો કે બધાં સગાંવહાલાં આજુબાજુ બેસી ભજનકીર્તન અને ધૂન ચલાવતાં. એકાદ જણુ દરદી પાસે બેસી વચ્ચે વચ્ચે પાણી કે ગંગાજળ પિવડાવવા જેવી કાળજી રાખતું, બાકી બધાં હરિભક્તિમાં જોડાતાં. કોઈ કોઇ વાર આવું કલાકો સુધી ચાલતું. મારા એક ભત્રીજાએ તો ત્રણેક દિવસ રાત દહાડો અમારી પાસે એક મોટા ગુજરાતી ધર્મગ્રંથનું વાચન કરાવ્યું હતું અને ભજનો ગવડાવ્યાં હતાં. એ બંધ થાય તો એ સનેપાતના લવારમાં ચડી જતો. એ શરૂ થાય ત્યારે શાંત થઈ જતો. મરણુની દસેક મિનિટ પહેલાં એની વાચા બંધ પડી ગઇ ત્યારે એ ઊંચે સ્વરે નામ જપતો હતો.

આ દશ્ય હવે વિરલ થઇ ગયું છે. છેલ્લાં પંદરેક વર્ષથી જેટલાં મરણો જોઉં છું તે બધામાં છેવટની ક્ષણુ સુધી દાક્તરોને ત્યાં દોડાદોડ અને ઉપચારોની ધાંધલ એ જ એક દેખાવ થઇ રહે છે. ઘરનો દાક્તર ભલે હિંમત છોડે, પણ સગાવહાલાની હિંમત છૂટતી નથી. બીજા દાક્તરો ભેગા કરવા દોડાદોડ મૂકીએ છીએ. હોજરીમાંથી એક ટીપુંયે આંતરડામાં જતું ન હોય તોયે છેલ્લા ડચકાં સુધી ગ્લુકોઝનું પાની રેડાયું જ જાય છે. એડ્રીનલીન કે બીજી દવાઓની સોંય–ભોંકણી ચાલ્યાં જ કરે છે. મારા એક સગાના મરણુમાં અઢાર દિવસમાં સાઠેક સોયો ભોંકવામાં આવી હતી. ઑકસીજન તો હોય જ. બીજા માણુસનું લોહી આપવાનો પ્રયોગ પણ થાય. વેદનામાંથી છૂટવા માટે જીવ બેભાનપણાનો આશ્રય લે, પણ આપણે એ દર્દીને શાંતિથી મરવા દઇએ નહિ. આ ધમાલમાં ઇશ્વરનું નામ પણ યાદ ન આવે તો ધૂન કે ભજન તો કયાંથી ચાલે અને કોણ ચલાવે? એકાદ જીવ આ પ્રયત્નોથી બચીયે જતો હશે. પણ સાધારણ રીતે જેમ માણસ મોટો ગણાય, પૈસાની છૂટ વધારે હોય, અને નવા સાધનો શોધાતા જાય, તેમ મરનાર પાસેથી સાત્ત્વિક વાતાવરણ ચાલ્યું જતું જાય. મડદું થઇ પડ્યાં પછી જૂના સંસ્કારને વશ થઈ કોઇ વૃદ્ધ માણસ પ્રાણ વિનાના મોંમાં ગંગાજળ રેડવા પ્રયત્ન કરે, કે મરેલા હાથનો સ્પર્શ કરાવી દાન કરાવે.

'સુખે સોની અને દુઃખે રામ' એવી જૂની કહેવત છે. પણ હવે સુખમાં રામ સંભારવાવાળાને માટે યે 'સુખે રામ પણ દુઃખે દાક્તર' એવી કહેવત કરવી પડે એમ છે.

ગીતામાં કહ્યું છે કે પ્રાણી જે ભાવનું સ્મરણ કરતો મરે છે, તેવા ભાવને પામે છે. આમાં અર્ધો ભાગ જ કહ્યો છે. ખરું પૂછતાં જીવન દરમ્યાન પણ માણસ જે જે ભાવોનું ચિંતન કરે છે તે તે ભાવને પામે છે. સામાન્ય માનવીની બુદ્ધિ બહુશાખાળી હોય છે, તેથી એ કોઇ એક ભાવને સ્થિરપણે પામતો નથી, પણ પલટાં ખાયાં કરે છે. છતાં, થોડો વખત તેને પામે તો છે જ, પોતે પામે છે એટલું જ નહિ પણ તેને અનુરૂપ એક શક્તિને જગતમાંયે ફેલાવે છે. મરણવેળાયે જે ભાવો મરનારમાં નિર્માણ થાય એ એનો જગતને છેલ્લો વારસો થાય છે. એ ભાવોને એ તેટલી જ ક્ષણ માટે પામતો અને ફેલાવતો નથી, પણ એ એનો છેલ્લો ભાવ થાય છે એમ કહી શકાય. મરણદ્વારા એ ભાવની શક્તિના રૂપમાં એ વિશ્વમાં ફેલાઇ જાય છે.

પણ મરણ હવે અનિવાર્ય છે એમ લાગ્યા પછીયે પણ તેને દુઃખરૂપ માનનારાને પોતાના સ્નેહીની એ સેવા કરવાનું સુઝતું નથી. શરમ પણ આવે છે. સ્નેહીના મરણકાળને શુભ કરવાનું આપણને સુઝવાની જરૂર છે.

લે. શ્રી કિશોરલાલ મશરૂવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉન્નતિના

શ્રી ચત્રભુજ જેચંદ શાહ

અત્યારનો કાળ પ્રજાજાગૃતિનો છે. પ્રજાનું સુખ કેમ વધે અને દુઃખનું નિવારણ કેમ થાય તે માટે ઘણા વિચારો થાય છે, ઘણી યોજના ઘડાય છે, લોકોની ધાર્મિક, માનસિક, શારીરિક અને આર્થિક ઉન્નતિ માટે ઘણો ઉપદેશ દેવાય છે, ઘણા પ્રયત્નો થાય છે તેમ છતાં અનુભવ ઉપરથી એમાંની ઘણીખરી પ્રવૃત્તિ ઉપરછલ્લી, દેખાવપૂરતી, ટૂંકજીવી અને નિષ્ફળ નીવડે છે તેનું કારણ તપાસતાં એમ જણાય છે કે ઘણી વાર એ ઉપદેશો અને પ્રવૃત્તિ સાર્વજનિક સુખના મૂળ પ્રાપ્ત કરવા સુધી અને દુઃખની જડ ઉખેડવા સુધી પહોંચતાં નથી. પરિણામે સુખ, શાંતિ ઘણા ઓછા થતા ગયા છે અને દુઃખની સીમા વધતી રહી છે. ખરી રીતે સુખપ્રાપ્તિ અને દુઃખનિવારણ માટે બે દૃષ્ટિએ વિચાર કરવાની જરૂર છે. તે સ્વ અને પર અથવા પોતાની અને બીજાની દૃષ્ટિએ દરેક પ્રવૃત્તિના મંડાણ કરવાની જરૂરીઆત છે. કોઈ માણસ પોતાના માનેલા સુખ માટે બીજા મનુષ્ય કે પ્રાણીની હિંસા કરે તેમાં બીજાને તે જરૂર દુઃખ દે છે અને દુનિયામાં અશાંતિ અને હિંસક વૃત્તિ વધારે છે. કોઇ માણસ જૂઠા પ્રયોગોથી અને બીજાને નુકશાન કરીને પૈસો પેદા કરે અને સુખસાહેબી ભોગવવા મથે તેમાં બીજા અનેક માણસોને તે દુઃખરૂપ થઇ પડે છે. જે દેશમાં મનુષ્ય દીઠ સરાસરી દરરોજની આવક પૂરી અઢી આના પણ નથી અને જે દેશમાં કરોડો માણસોને ફરજીયાત અર્ધભૂખ્યા રહેવું પડે છે તે દેશમાં કેટલાક માણસો સટ્ટા–જુગારથી કે દગા–ભેળસેળવાળા નિઃસત્ત્વ વેપારધંધાથી કે મજૂરોનું શોષણ કરનાર અથવા સમાજને નુકશાનકારક હુન્નર, કલા–ઉદ્યોગથી શ્રીમંત થવા મથે, અથવા પોતાની આવક અને મૂડી જુદા જુદા વ્યસનો અને મોજ–શોખમાં વેડફી નાખે અથવા તે બીનઉપયોગી માર્ગે ખરચે–ખરચાવે તેથી થોડા માણસોના ઐહિક સુખ અને કીર્તિલાલસા પાછળ કેટલાય લાખ માણસોને રીબાવું અને દુઃખ વેઠવું પડે છે અને તેઓની મહેનત પરિશ્રમ ફોગટ જાય છે. એ ઉપરથી સમજાશે કે દરેક માણસ જ્યાંસુધી સ્વ અને પર દૃષ્ટિથી વિચારતો થાય નહિ અર્થાત પોતાને જે સુખ જોઇએ છે તે બીજાને પણ જોઇતું હોય અને બીજાના સુખના ભોગે અથવા બીજાને દુઃખી કે નુકશાન કરીને પોતાને સુખ મેળવવાનો કાંઇ અધિકાર નથી એમ સમજતો અને વર્તતો થાય નહિ ત્યાં સુધી ધર્મના અને સુખના ગમે તેટલા વિચારો કરવામાં આવે, ઉપદેશો આપવામાં આવે તે ફોગટ જવાના છે. એટલે સુખપ્રાપ્તિ માટે પ્રથમ તો દરેક માણસે પોતાની પ્રવૃત્તિ એવી રીતે યોજવી જોઇએ કે જેથી તે બીજા કોઇને પણ દુઃખરૂપ કે નુકશાનકારક થઇ પડે નહિ, ઓછામાં ઓછું કોઇ પણ જીવની હિંસા થાય નહિ કે જીવનનિર્વાહના સાધનો તૂટી પડે નહિ કે કોઈનું પણ શારીરિક, માનસિક અને નૈતિક અધઃપતન અથવા નુકશાન થાય નહિ. બીજું, સુખપ્રાપ્તિ માટે બીજાને દુઃખરૂપ થવું નહિ એટલું જ પૂરતું નથી, પણ જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાયો

બી. એ. એલ.એલ. બી.

દુઃખી હોય, દુઃખી સંજોગોમાં મૂકાયા હોય તેમના દુઃખનું નિવારણ કરવું, દુઃખના સંજોગો અને કારણો દૂર કરવા, તે માટે માર્ગદર્શન કરવું અને યથાશક્તિ મદદ કરવી એ પણ દરેક સુખી અને સાધનસંપન્ન માણસની ફરજ છે. જે દેશમાં કરોડો માણસો આજીવિકાના સાધન વગર ભૂખે ટળવળતા હોય, વસ્ત્ર વગર ચીંથરેહાલ અર્ધનગ્ન ફરતા હોય, ઘરબાર વગર શરીર સહન કરી શકે નહિ તેવા ટાઢ તડકા વરસાદની અતિશયતા સહન કરતા હોય, અનેકવિધ વ્યાધિઓથી પીડાતા હોય તે દેશમાં થોડા હજાર કે બે-પાંચ-દશ લાખ માણસો મોજશોખ અને સુખે જીવન ગાળતા હોય તેથી આખો જનસમાજ સુખી છે, પોતે પૈસો ખરચે છે ત્યાં અને પોતાની નોકરી તથા મહેરબાની તળે આવનારા માણસોને તે સુખી કરે છે એવી માન્યતા જો કોઇની હોય તો તે ખાલી ભ્રમણા છે. ઘણી વાર તો એ થોડા માણસોના સુખ ભોગે, બીજાની મજૂરી, હાડમાંસ અને દેહના સૌંદર્ય ઉપર નભતા હોય છે. પોતે અન્યાય અને અનીતિથી મોટે ભાગે પૈસો પેદા કર્યો હોય છે તેના ઉપર પડદો પાડવા કરેલા દાન અને લાંચરૂપી બક્ષીસો ઘણી વાર પ્રમાદ, આળસ, અનીતિને ઉત્તેજન આપનારા હોય છે. કીર્તિ-લાલસા માટે તેઓની સખાવતોમાંથી ઊભી થએલી સંસ્થાઓ પણ ઘણી વાર સ્વાર્થી માણસોને પૈસા પેદા કરવાનું સાધન થઇ પડે છે. તેને બદલે જેની પાસે તન, મન કે ધનની જે કાંઈ શક્તિ હોય તે વિવેકપૂર્વક સતત દેખરેખ નીચે બીજાને જીવનનિર્વાહના સાધનો મેળવી દેવામાં, તેને સ્વાશ્રયી અને ઉદ્યમી બનાવવામાં, તેના શારીરિક, માનસિક અને નૈતિક બળ ખીલવવામાં આવે તો તે પોતાના સુખ સાથે બીજાની સુખપ્રાપ્તિમાં ઘણો મોટો ફાળો આપશે.

આપણે ત્યાં ઘણી સંસ્થાઓ, ન્યાતો, સંઘો અને મહાજનો છે, પણ તેમાંના ઘણાખરા લોકોના સુખવૃદ્ધિ અને દુઃખનિવારણ માટે જડવત્ અથવા નકામા છે. એટલે બીજાઓની આશાએ રહ્યા વગર અથવા બીજાઓ કરે તેની રાહ જોયા વગર જેને ઉપરનું સમજાય તે પોતાનો જીવનવ્યવહાર એવી રીતે ઘડે કે જેથી તે કોઇને પણ દુઃખરૂપ થાય નહિ પણ યથાશક્તિ બીજાને સુખ આપવામાં મદદરૂપ થાય. દરેકને સુખ તથા તે માટે જરૂરી સાધનો મેળવવાનો હક્ક છે, પણ કોઇને બીજાને દુઃખ આપવાનો કે બીજાના જરૂરી સુખસાધનો પડાવી લેવાનો હક્ક નથી; જ્યારે બીજાની સુખસાધના અને દુઃખ નિવારણ માટેની ફરજ સર્વ કોઇની છે. આટલું સમજી જીવનમાં ઉતારવામાં આવે એ વિનતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસાનું આંદોલન ઊભું કરો

લે૦ શ્રી નાગકુમાર મકાતી

જગતભરમાં પ્રત્યેક દિવસે જે હિંસા થઈ રહી છે તેની જો પૂરેપૂરી વિગતો રજૂ કરવામાં આવે તો આપણે ઘડીભર સ્તબ્ધ બની જઈએ. બીજી બધી હિંસા બાજુએ મૂકીએ તો પણ મનુષ્યના આહારાર્થે થતી હિંસાનું પ્રમાણ નાનુંસૂનું નથી. દુનિયાની પ્રજાનો નેવું ટકા વર્ગ માંસાહારી છે, અને તેનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે.

આ કારણે દરેક અહિંસાવાદીની ફરજ છે કે જેમ બને તેમ હિંસા ઓછી થાય તેવા સઘળા શકય પ્રયત્નો કરવા, પરંતુ આ પ્રયત્નો કઈ જાતના હોવા ઘટે તે જ માત્ર વિચારવાનો પ્રશ્ન છે.

સામાન્ય રીતે પર્યુષણ જેવા દિવસોમાં જાળ નહિ નાખવા અને માછલાં નહિ પકડવા માછીઓને કે બકરાં નહિ કાપવા કસાઇઓને મનમાન્યા પૈસા આપવામાં આવે છે. આડે દહાડે કસાઇઓના હાથમાંથી બકરાં-ઘેટાં છોડાવવા પણ મ્હોં માગી કીંમત આપવામાં આવે છે.

આ જાતના પ્રયત્નોની પાછળ જે દયાભાવના અને અહિંસાની ધગશ રહેલી હોય છે તે પ્રશંસાપાત્ર છે. પરંતુ જીવદયા પાળવાનો આ માર્ગ યોગ્ય અને સંગીન છે કે કેમ તે પ્રશ્ન વિચારવા જેવો છે.

ઉપરછલી દૃષ્ટિથી જોતાં આ પદ્ધતિથી તાત્કાલિક જીવો બચાવવાનો આપણને સંતોષ થાય છે. પરંતુ વસ્તુતઃ જે હેતુથી આપણે આ કાર્યમાં પ્રવૃત્ત થઇએ છીએ તે હેતુ સંધાતો હોય એમ લાગતું નથી. માંસાહારીઓ એક સ્થળેથી નહિ તો બીજે સ્થળેથી પોતાનો જોઈતો ખોરાક મેળવી લે છે. અગર એક દિવસે બંધ રહેલો વેપાર બીજા દિવસે બેવડી ઘરાકી ખેંચી લાવે છે. આથી કસાઇઓને બેવડો તડાકો પડે છે. તેમને હર હંમેશ મળતા નફા ઉપરાંત જીવદયા નિમિત્તે મળતાં નાણાં વધારાના નફા તરીકે પડી રહે છે. તેમને મન આ એક જાતનો સોદો છે—અને વગર મહેનતે આવકમાં વધારો કરનાર સોદો છે. આ રીતે મળેલાં નાણાંનો ઉપયોગ દારૂ પીવામાં અને નવિન પશુઓ ખરીદવામાં થાય છે. બારીકાઇથી જોઇએ તો સરવાળે જરા પણ જીવહિંસા ઓછી થતી હશે કે કેમ તે શંકાસ્પદ છે. ઊલટું જીવહિંસા નહિ કરવા માટે દામ મળે છે એમ તેમની ખાત્રી થતાં વધારે દામ કઢાવવા તેઓ વધારે જીવહિંસા કરે છે.

જીવહિંસા અટકાવવાનો આ માર્ગ, મારે મને, જરાપણ ઉત્તેજનને પાત્ર નથી. હિંસા અટકાવવા માટે અમુક જાતના માનસિક પરિવર્તનની જરૂર છે. હિંસા વસ્તુ ખરાબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, અધર્મ છે, એ જાતની ભાવનાનો ફેલાવો થાય તો જ હિંસા અટકે. આપણો પ્રયત્ન એક દિવસ માટે કામચલાઉ હિંસા અટકાવવાનો નહિ પરંતુ કાયમને માટે તે અટકે તેવો હોવો જોઇએ. આ વસ્તુ અહિંસાનું આંદોલન ઊભું થાય તો જ બની શકે. વાતાવરણમાં અહિંસાના ચિરાગ ફેલાવા જોઇએ. જનતાની વૃત્તિ અહિંસામય થાય એ આપણે જોવું જોઈએ. તેમ થાય તો જે હિંસા આપણે થોડાઘણા રૂપિયાથી નથી અટકાવી શકતા તેના કરતા અનેકગણી હિંસા અટકાવવા આપણે સામર્થ્યવાન થઈશું.

અહિંસાના પ્રશ્નને, આ કારણથી, અનેક રીતે છણવાની આપણને જરૂર છે. અહિંસાના ફાયદા સ્પષ્ટ અને બુદ્ધિગમ્ય રીતે જનતા પાસે મૂકાવા જોઈએ. મનુષ્ય સ્વભાવ સાથે હિંસા વિસંગત છે એ વાત લોકોના મનમાં ઠસી જવી જોઈએ. અહિંસા માત્ર આધ્યાત્મિક ઉન્નતિ માટે નથી, પણ મનુષ્યની સાર્વત્રિક ઉન્નતિ કરવાનું-મૌલિક ઉન્નતિ કરવાનું તેનામાં બળ રહેલું છે એ આપણે દુનિયાને બતાવી આપવું જોઈએ. તેનાથી જગતના કલેશ કજીયા કેમ ઓછા થઈ શકશે, મનુષ્યો કેમ હિંમતવાન થશે, અસત્યની સામે ઝઝુમવાની તેમનામાં કેવી તાકાત આવશે એ બધું તેમના મગજમાં ઉતરવું જોઈએ.

અહિંસા માત્ર શાસ્ત્રનો સિદ્ધાન્ત છે-વ્યવહારિક જગતમાં તે નિરૂપયોગી છે-હિંસા વિના જગતનું કાર્ય અટકી પડશે વગેરે ભ્રમક માન્યતાઓ દૂર થવી ઘટે છે. અહિંસાનો સિદ્ધાન્ત વ્યવહારુ અને કાર્યોપયોગી છે એમ સાબિત કરી આપવું જોઈએ, તો જ અહિંસાને લોકો અપનાવતાં શીખશે અને પરિણામે હિંસા ઘટશે.

આપણે જીવદયાપ્રેમીઓના-અહિંસાવાદીઓના સઘળા પ્રયત્નો આ દિશામાં મળવા જોઈએ. થોડાક જીવો છોડાવ્યાનો તાત્કાલિક સંતોષ અનુભવી કૃતકૃત્ય થવાને બદલે, કાર્યશક્તિ અને દ્રવ્યનો આ દિશામાં ચોક્કસ યોજનાપૂર્વક વ્યય થવો જોઈએ.

આમ થશે તો અહિંસા પ્રચારને માટે ભવિષ્ય ઉજ્જવળ છે. બાકી અહિંસાનો આપણો ઇજારો ઓછો જ કોઇથી ખુંચવી લેવાવાનો છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ઉપદેશ બત્રીસી સજ્ઝાય ॥

પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ.

આતમરામ સયાના, તું જૂઠે ભ્રમ ભુલાનાજી ॥ આંકણી ॥

કિસકી માઇ કિસકે ભાઇ, કિસકે લોગ લુગાઇજી;
તું નહિ કિસકા કોઇ નહીં તેરા, આપોઆપ સહાઇજી ॥ આ૦ ૧ ॥

ચાર દિનકા યે સબ મેલા, થિર નહિ કોઇ રહેનાજી;
હટવાડે જ્યું દુનિયા સબ હી, મીલ મીલ આના જાનાજી ॥ આ૦ ૨ ॥

મંદિર મેડી મહેલ ચુનાયે, જાલિબંધ ઝરોખાજી;
જંગલ પેર પસાર કે પડના, ઘરકા કછુ નહિ ધોખાજી ॥ આ૦ ૩ ॥

પઘડી ખુબ ઇજાર દુપ્પટ્ટા, જામા જરકસ વાઘાજી;
સાંજ સવેરે છોડ ચલેગા, ધાગા વિન તું નાગાજી ॥ આ૦ ૪ ॥

સહસ ભી જોડે લાખ ભી જોડે, અરબ ખરબકો ધ્યાયાજી;
તૃષ્ણા લોભ પલિતા લાગા, ફીર ફીર ઢૂંઢે માયાજી ॥ આ૦ ૫ ॥

ચુવા ચંદન તેલ ફુલેલા, કરતા હૈ ખુસબોઇજી;
હંસ ઊડે તબ ગિરે જમી પર, તનકો હોઇ બગોઇજી ॥ આ૦ ૬ ॥

યહ સંસાર સરાહમંડી હૈ, તીહાં ઘર લાખ ચોરાસીજી;
નામ કર્મ સબ હી ચુને હય, જીવ બટાઉ વાસાજી ॥ આ૦ ૭ ॥

લોહુ માંસ બનાયા ગારા, પત્થર હાડ લગાયાજી;
ઉપર લીંપન ચમડી લગાઇ, સુરત દ્વાર ચુનાયાજી ॥ આ૦ ૮ ॥

આયુ કર્મ લે ઘરકા ભાડા, દિન દિનકા કયા કરે લેખાજી?
મહેનત પુગે પલક ન રાખે, ઐસા બડા અદેખાજી ॥ આ૦ ૯ ॥

સાંજ સવેર અબેર ન જાને, નગીને ધૂપ અરુ વર્ષાજી;
ન ગીને નેહ મુલાજા કિસિકા, આયુ સબીકા સરખાજી ॥ આ૦ ૧૦ ॥

જીવ બટાઉ ફીર ફીર હોવે, કર્મ ચલે રાહ સંગાજી;
જાઇ અગાડી ગેહ બનાવે, પ્રીતિ બનાવે ચંગીજી ॥ આ૦ ૧૧ ॥

જબ લગે ઘરમેં આપ બસે હૈ, તબ લગ પ્રીતિ બનાવેજી;
મુવા પીછે ગાડો જાલો, ભાવે નીર વહાવેજી ॥ આ૦ ૧૨ ॥

જીસ ઘર અંદર આપ રહે હૈ, સો ઘર નાહિ તેરાજી;
ઐસે ઘર તેહને બહોત બસાયે, રાહ ચલત જ્યું દહેરાજી ॥ આ૦ ૧૩ ॥

ઇસ ઘરકો જબ છોડ ચલેગા, તિસકી ચિંતા નાહિજી;
નવી નવી ફીર માયા જોડી, તોડી પ્રીત પુરાણીજી ॥ આ૦ ૧૪ ॥

જો આયે સો સબ જાવેંગે, જીવ સવિ જગવાસીજી;
અપની શુદ્ધ કમાઇ કીયે બીન, જીવકે સંગ ન જાસીજી ॥ આ૦ ૧૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એહી જીવ સદા અવિનાશી, મર મર જાય શરીરાજી;
ઇનકી ચિંતા કછુ નહિ કરણી, રખના દિલમેં ધીરાજી ॥ આ૦ ૧૬ ॥
સહસ લાખ સુર જોદ્ધા ભુજ બલ, લઢતે જંગ એકેલાજી;
બ્રહ્મા વિષ્ણુ મહાસુર દાનવ, કાલ સબકો સંકેલેજી ॥ આ૦ ૧૭ ॥
વાડી એ સંસાર બની હૈ, કાલ તિહાં હૈ માલીજી;
કચ્ચે પકકે ફૂલ ચુન ચુન લેવે, લગે દરખત ડાલીજી ॥ આ૦ ૧૮ ॥
તન ધન જોબનકા મતવાલા, ગિનતી કિસકી નાહીજી;
બાદલ છોહ છત્રપતિ ભૂપતિ, મૌત લે ગયે બાહીજી ॥ આ૦ ૧૯ ॥
ન્યાતિ ગોતિ શયન સંબંધી, સબ સ્વારથમેં બૂડેજી;
સ્વાર્થ વિન સુકે દરખત જ્યું, દેખ પંખેરૂ ઊડેજી ॥ આ૦ ૨૦ ॥
પવન સ્વરૂપી કાયા અંદર, હંસ લીયા તિહાં વાસાજી;
પલ પલ આયુ ઘટત હૈ ઐસે, પાણીમાંહિ પતાસાજી ॥ આ૦ ૨૧ ॥
મૂર્ખ કહે એ મેરી મેરી, પરસંગે દુઃખ પાવેજી;
મમતા છોડ સહજ સુખ પાવે, જો સમતા ઘટ આવેજી ॥ આ૦ ૨૨ ॥
તન પિંજર બિચ જીવ પંખેરૂં, ઊડત ઊડત આયાજી;
આવત જાવત કીનહી ન દેખ્યો, ખોજ કીસી નહી પાયાજી ॥ આ૦ ૨૩ ॥
ડોલત બોલત તનકે અંદર, તનમેં હે નહિ દેખાવેજી;
જ્યું બાજીગર કાટ પૂતલી, નવી નવી ભાત નચાવેજી ॥ આ૦ ૨૪ ॥
કાયા પાટણ ચેતન રાજા, મનકો બાલ બીઠાયાજી;
પાંચ ઠગોસે એકા કરકે, સબ પાટણ મુસીખાયાજી ॥ આ૦ ૨૫ ॥
નવા નવા તન જામા પહેરા, નવે નવે ઘાટ ઘડાવેજી;
તીન ધોવે તીમ તીન અવસ્થા, ચોથે ધોવે ફાટેજી ॥ આ૦ ૨૬ ॥
તેરા હે સો કબહુ ન જાવે, તું અપના નહિ ખોવેજી;
બિગડ ગયા બીરાના થાસો, તું મૂર્ખ કયું રોવેજી ॥ આ૦ ૨૭ ॥
ભલા બુરા જો કુછ કરેગા, જો કછું તુંહી દેગાજી;
પંથ બીચે હોગા સો સંબલ, તેરે સંગ ચલેગાજી ॥ આ૦ ૨૮ ॥
ડોરી જ્યું અંગુલી અટકાઇ, ચકી આવે જાવેજી;
ડૌરી તુટ ગઇ યાત ન ચકી , નહિ આવે નહિ જાવેજી ॥ આ૦ ૨૯ ॥
યહ કરતા હું યહ મેં કીયા, યહ મેં જાન કરૂંગાજી;
તેરી મૌત લગી હૈ લહારે, એક દિન તુંહી મરેગાજી ॥ આ૦ ૩૦ ॥
આવત જાવત સાસ ઉસાસા, કર લ્યો જ્ઞાન અભ્યાસાજી;
કર્મ કાટ મુકિતમેં પહોંચે, શુદ્ધ સ્વરૂપ ઉસાસાજી ॥ આ૦ ૩૧ ॥
ઇસિ કાયાસે લહાવા લીજે, સુકૃત કમાઇ કાજેજી;
"રાજ" કહે ઉપદેશ બત્રીસી, સદ્દગુરુ શબ્દ સુનીએજી ॥ આ૦ ૩૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાં * ચ

સ * કા * ર : : સદાચાર

અનુ: **અભ્યાસી.** B. A.

(ગતાંક પૃષ્ઠ ૨૨ થી શરૂ)

પાંચ સકારમાં સદાચાર, બીજો સકાર છે. સાધુ પુરૂષ જે આચારનું પાલન કરે છે, સત્પુરૂષ જે સદાચાર દેખાડે છે, અથવા જે સાધુહૃદય પુરૂષદ્વારા પાલન કરવા યોગ્ય છે અથવા જેનું પાલન કરવાથી મનુષ્ય સદાચારી, સહૃદયી બની શકે છે તેને સદાચાર કહેવામાં આવે છે. દરેક શાસ્ત્રમાં સદાચારનું શુદ્ધ નિરૂપણ કરેલું છે. સદાચારમાં લાગેલ મનુષ્યનું શરીર સ્વસ્થ, મન શાંત અને બુદ્ધિ નિર્મળ હોય છે અને જેનું અંતઃકરણ શીઘ્ર શુદ્ધ થઈ જાય છે. શુદ્ધ અંતઃકરણ જ ભગવાનના ચિન્તન અને ધ્યાનને યોગ્ય હોય છે. એટલા માટે દરેક મનુષ્યે સદાચાર જાણવો જોઈએ, તેનું પાલન કરવું જોઇવું. મનસ્મૃતિમાં કહ્યું છે કે—

श्रुतिस्मृत्युदितं सम्यद् निबद्धं स्वेषु कर्मसु ।
धर्ममूलं निषेवेत सदाचारमतन्द्रितः ॥
आचाराल्लभते ह्यायुराचारीदीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥
दुराचारो हि पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च ॥
सर्वलक्षणहीनोऽपि यः सदाचारवान्नरः ।
श्रद्धानोऽनसूयश्च शतं वर्षाणि श्रीपति ॥

ભાવાર્થઃ—શ્રુતિ તથા સ્મૃતિમાં કહેલ, આપણા નિત્યકર્મોનો અંગભૂત, ધર્મનું મૂળ એવા સદાચારનું સાવધાનીપૂર્વક સેવન કરવું જોઇએ. સદાચારથી મનુષ્ય આયુષ્ય, ઇચ્છાનુરૂપ પ્રજા અને અક્ષય ધન પ્રાપ્ત કરે છે. એટલું જ નહિ પણ સદાચારથી અપ-મૃત્યુ વગેરેનો પણ નાશ થાય છે. જે પુરૂષ દુરાચારી હોય છે તેની લોકોમાં નિંદા થાય છે, દુઃખ ભોગવે છે તથા રોગી અને અલ્પાયુ થાય છે. વિદ્યાદિ સઘળા લક્ષણો વગરનો પુરૂષ પણ જો સદાચારી હોય છે અને શ્રદ્ધાવાન તથા ઈર્ષ્યારહિત હોય છે તો તે પણ સો વર્ષ સુધી જીવે છે.

શય્યાત્યાગ

સૂર્યોદય થયા પહેલાં પથારીમાંથી ઊઠી જવું જોઇએ. બને ત્યાંસુધી તો બ્રાહ્મ-મુહૂર્તમાં ઉઠવું જ વધારે સારૂં છે. એ વખતે ઉઠનારનું સ્વાસ્થ્ય, ધન, વિદ્યા, બળ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેજ વધે છે. જે માણસ સૂર્યોદય થયા પછી સુઇ રહે છે તેની ઉમર તથા શક્તિ ઘટે છે અને તે નાના પ્રકારની માંદગીનો ભોગ બને છે.

ઉઠતાંવેંત સૌથી પહેલું ભગવાનનું સ્મરણ તથા ધ્યાન કરવું અને ઓછામાં ઓછી દશ મિનિટ ભગવાનની પ્રાર્થના કરવી. આખો દિવસ સુબુદ્ધિ રહે, શરીર તથા મનવડે શુદ્ધ સાત્ત્વિક કાર્ય બને, ભગવાનનું ચિંતન કદી પણ ન ચુકાય એટલા માટે ભગવાન પાસે બળ માગવું અને આત્માથી એવો નિશ્ચય કરવો કે "આજે આખા દિવસમાં હું કોઇપણ ખરાબ કર્મ ન કરૂં. ભગવાનને યાદ કરતાં કરતાં સારાં કાર્યો જ કરીશ."

મળમૂત્રનો ત્યાગ

પથારીમાંથી ઊઠીને પહેલવહેલા તો ઘરની બહાર દૂર જઇને મૂત્ર ત્યાગ કરવો. પછી હાથ, પગ, મ્હોં ધોઇ શુદ્ધિ કરવી.

પ્રાતઃકાલે લગભગ અડધો શેર વાસી પાણી નિત્ય નિયમપૂર્વક ધીમેધીમે પીવું. એને ઉષાપાન કહેવામાં આવે છે. એનાથી કફ, વાયુ, પિત્ત, ત્રિદોષનો નાશ થાય છે, દસ્ત સાફ આવે છે, પેટના વિકાર દૂર થાય છે. પ્રમેહ, મસ્તકવેદના, સોજાના તેમ જ કળતર વગેરે રોગો મટે છે. બળ, બુદ્ધિ તથા વીર્ય વધે છે.

ગામની બહાર નૈરૂત્ય ખૂણામાં દૂર જઈ મળત્યાગ કરવો. ગાય, સૂર્ય, ચન્દ્રમા, અગ્નિ, વાયુ, ગુરૂજન તથા બીજા સ્ત્રી પુરૂષોની સાથે રહીને મળમૂત્રનો ત્યાગ ન કરવો. ખેડેલા ખેતરમાં, પાકા ખેતરમાં, રસ્તા ઉપર, નદી વગેરેમાં, જળાશયમાં, નદી તથા તળાવના કિનારે અને સ્મશાનમાં કદી પણ મળમૂત્રનો ત્યાગ ન કરવો. બની શકે ત્યાં સુધી દિવસે ઉત્તર તરફ અને રાત્રે દક્ષિણ તરફ મળમૂત્રનો ત્યાગ કરવો. મળમૂત્રનો ત્યાગ કરતી વખતે માથાથી કપડાંને ઢાંકી દેવું.

શહેરમાં રહેનાર માણસોએ પાયખાનાઓ સાફ રાખવા. હંમેશાં ખૂબ પાણીથી સાફ રાખવામાં આવે કે જેથી દુર્ગંધ ન રહે. તેમજ માખીઓનો ઉપદ્રવ ન થવા પામે. જ્યારે જ્યારે મળમૂત્રનો ત્યાગ કરવામાં આવે ત્યારે ઉપરથી નીચેના દાંતો ખૂબ જોરથી દબાવી રાખવા જોઇએ. એમ કરવાથી દાંત ઘણાં જ મજબૂત બને છે અને દાંતોની કોઇ બીમારી વારંવાર થતી નથી.

મળમૂત્ર ત્યાગ કરતી વખતે મોન રાખવું. મળત્યાગ કરતી વખતે બહુ જોર ન કરવું. તેમ કરવાથી કબજીયાત વધે છે. મંદાગ્નિ થાય છે. વધારે પડતી કબજીયાત રહેતી હોય તો શાકભાજી વધારે ખાવા, હરડેનું ચૂર્ણ લેવું; પરંતુ વારંવાર જુલાબની દવા ન લેવી. જુલાબની આદત પડી જવાથી કબજીયાત વધે છે. સવારમાં એક વખત તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરૂર શૌચ જવું જ. સાંજે પણ સારૂં છે. મળત્યાગ કરવામાં ઉતાવળ ન કરવી જોઇએ. મળત્યાગ કર્યા પછી હાથ, પગ, મ્હોં પુષ્કળ પાણીથી ધોવા જોઇએ.

દંતધાવન.

દાંતને બાવળ, વડવાઈ, લીંબડા વગેરેના દાતણવડે ધીરે ધીરે ઘસીને સાફ કરવાની ટેવ પાડવી. દાતણ ગાંઠ વિનાનું તથા બાર આંગળ લાંબું હોવું જોઇએ.

કાથો, કાંટાળુ માયું, બાવળની છાલ, અક્કલકરો, ફટકડી, સિંધવ, મીઠું, હરડે, બેઢાં, આંમળાં, સુંઠ, પીપર અને મસી–એ બધાં સરખે ભાગે લઈ મંજન બનાવી લેવું. એ મંજન દાંત માટે ઘણું જ લાભદાયક છે. સરસીયા તેલમાં થોડું સિંધાલુણ મેળવીને દાંત તથા પેઢાં ઉપર ધીમે ધીમે ઘસીને ધોવાથી દાંત ઘણા મજબૂત અને નિરોગી બને છે.

દાતણ હાલતાં ચાલતાં ન કરવું. પૂર્વ તરફ બેસીને શાંતિપૂર્વક દાતણ કરવું. દાતણથી દાંત સાફ કરીને એની ચીરવડે જીભ સાફ કરી ને એક તરફ ફેંકી દેવી.

આખા દિવસમાં ઠંડા પાણીના કોગળા ખૂબ કરવા. કોગળા એવી રીતે કરવા કે જેથી દાંતના આગળ પાછળનો ભાગ, જીભ, પેઢાં વગેરે સઘળું સાફ થઇ જાય. નદી અથવા તળાવની અંદર કોગળા ન કરવા.

વાયુસેવન

હંમેશાં સવાર સાંજ ખુલ્લી, તાજી અને શુદ્ધ હવામાં પોતાની શક્તિ અનુસાર થાક ન લાગે ત્યાં સુધી સાધારણ ચાલીને ફરવું જોઇએ. નિયમપૂર્વક ફરવાના વ્યાયામથી તથા શુદ્ધ વાયુસેવનથી શરીરને ઘણો જ લાભ થાય છે. અતિશય ઠંડી હવામાં, વરસાદમાં તથા ગંદી જગ્યામાં ન ફરવું.

તૈલાભ્યંગ

હંમેશાં આખા શરીરને તેલ લગાડવાથી ખૂબ લાભ થાય છે. ગળાથી નીચેના ભાગમાં સરસવનું તેલ તથા મસ્તક ઉપર તલ વગરનું તેલ લગાડી માથાને ઠંડું રાખવું અને પગ ગરમ રાખવા એ હિતકર છે.

સ્નાન

હંમેશાં સવારમાં સ્નાન કરવું. શરીરના બધા અંગોને હાથવડે ખૂબ ચોળીને ન્હાવું જોઇએ. ન્હાતી વખતે એવો નિશ્ચય કરવો કે મારા શરીરના મેલની સાથે મનનો મેલ પણ ધોવાઈ રહ્યો છે. ન્હાતી વખતે ભગવાનનું નામોચ્ચારણ અવશ્ય કરવું જોઇએ. ન્હાવા માટે બારે માસ તાજું ઠંડું પાણી જ ઉત્તમ છે. વાસી પાણીથી કે અત્યંત ગરમ પાણીથી ન્હાવું યોગ્ય નથી. તાવ, અતિસાર વગેરે રોગોમાં ન્હાવું નહિ. ન્હાતી વખતે પહેલાં મસ્તક ઉપર જળ નાખવું, ગરમ પાણીથી ખુલ્લી જગ્યામાં કદી ન ન્હાવું. જે ડોલમાં પાણીથી બીજો માણસ ન્હાયો હોય તેને ધોઇ સાફ કર્યા વગર તેની અંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન્હાવા માટે પાણી ન લેવું. સ્નાન કરીને મોટા ટુવાલવડે આખા શરીરને સારી રીતે લુંછી નાખવું. કોઈપણ ભાગ ભીનો ન રહેવો જોઇએ. બીજાએ વાપરેલો ટુવાલ કદી પણ ન વાપરવો. સ્નાન કર્યા પછી શુદ્ધ સફેદ કપડાં પહેરવા. પૂજા માટેનાં કપડાં જુદાં રાખવાં જોઇએ. ન્હાયા પછી કાંચકી કે દાંતીયાવડે માથાના કેશ બરાબર કરી લેવા. પછી ઘરમાં માતા પિતા વગેરે વડીલોને હંમેશાં નિયમપૂર્વક પ્રણામ કરવા. હંમેશાં વડીલોને પ્રણામ કરવાથી આયુષ્ય, વિદ્યા, યશ તથા બળની વૃદ્ધિ થાય છે. કપાલમાં પોતાના સંપ્રદાય અનુસાર તિલક કરવું.

ઇષ્ટદેવની પૂજા

હમેશાં પોતાના ઇષ્ટ દેવની પૂજા–પ્રાર્થના કરવાનું અવશ્ય રાખવું. પ્રાર્થના વખતે આંખો બંધ રાખવી અને ચિત્તને યથાસાધ્ય એકાગ્ર રાખવું.

ભોજન

રસોઇ તૈયાર થાય કે તરત જ પહેલવહેલાં ઘરે આવેલા અતિથિનો સત્કાર કરવો. અને પછી ભોજન કરવું. હાથ પગ ધોઈને, બરાબર સારી રીતે કોગળા કરીને ભોજન કરવું. ભોજન કરવાં પહેલાં પ્રભુ-સ્મરણ કરીને તેના પ્રસાદરૂપે ભોજન સમયે પ્રસન્ન રહેવું. બોલવું નહિ, ખૂબ ચાવી ચાવીને ખાવું. જે સારી રીતે ચાવ્યા વગર ખાય છે તેઓના દાંત નબળા બની જાય છે અને પરિણામે મંદાગ્નિ થાય છે. હંમેશા સવાર સાંજ નિયમિત વખતે ભોજન કરવું. ખરી રીતે તો ભોજનનો સારો સમય એ જ છે કે જ્યારે ખરી ભૂખ લાગી હોય. ભોજનનો સમય નિયમિત રાખવાથી બરાબર વખતે ભૂખ આપોઆપ લાગે જ છે.

અપ્રસન્ન મનથી, રૂચિ વગર, ભૂખથી વધારે અને વધારે મસાલાવાળું તંદુરસ્તીને ઘણું જ નુકશાનકારક ભોજન એટલું બધું વધારે ન લેવું કે જેથી અપચો અથવા અજીર્ણ થઈ જાય.

ઘણી જ તરસ લાગી હોય, પેટમાં દર્દ હોય, શૌચની હાજત હોય અથવા કોઈ પણ જાતની બીમારી હોય તે વખતે ભોજન ન કરવું. અપવિત્ર સ્થાનમાં, ખુરશી વગેરે પર બેસીને સંધ્યા સમયે, ગંદી જગ્યાએ, ફુટેલા પાત્રમાં ભોજન કદી પણ ન કરવું.

ધૂળ દુર્ગંધ વગરના, પ્રકાશવાળા, શુદ્ધ હવાવાળા સ્થાનમાં ભોજન બનાવવું જોઇએ. ભોજન બનાવનાર તેમજ પીરસનાર માણસ દુરાચારી, રોગી, ક્રોધી કે શોક-ગ્રસ્ત ન હોવો જોઈએ, ભોજન કરવાના સ્થાનમાં પોતાના કુટુંબના માણસો, મિત્રો તથા વિશ્વાસુ નોકરો સિવાય બીજા કોઇએ ન રહેવું જોઇએ. જે અન્ન ચોરી કે ઠગાઈ અન્યાયથી મેળવ્યું હોય તે બુદ્ધિમાન પુરૂષે ન ખાવું. ભોજન કરતી વખતે ગુસ્સો ન કરવો, કટુ વચન ન બોલવું, ભોજનના દોષો ન દેખાડવા, રડવું નહિ, શોક ન કરવો તથા જોરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન બોલવું. વાણીનો સંયમ રાખીને અનિષિદ્ધ અન્ન ખાવું. અન્નની નિંદા ન કરવી. વધારે પડતું તીખું, કડવું, ખારૂં, ગરમ કે તેજ ભોજન રાક્ષસી છે. અધકચરૂં, રસ વગરનું, દુર્ગંધવાળું, વાસી અને એઠું અન્ન તામસી છે. રાજસી, તામસી તથા શાસ્ત્રનિષિદ્ધ અન્નનો ત્યાગ કરવો જોઇએ.

એક થાળીમાં બે માણસોએ ન ખાવું. એ જ રીતે એક જ પ્યાલામાં દૂધ કે પાણી ન પીવું. સૂતાં સૂતાં ન ખાવું. એક હાથમાં અન્ન લઇને બીજા હાથવડે ન ખાવું.

ભોજનસામગ્રીની શુદ્ધતા

ભોજનનો સામાન, લોટ, દાળ, ઘી વગેરે જે વાસણમાં રાખવામાં આવે તે બરાબર સાફ કરેલા હોવા જોઇએ અને ઢાંકીને રાખવા જોઇએ. ખુલ્લા વાસણમાં ઉંદર વગેરે ઘુસીને ચીજોને ગંદી કરે છે.

દૂધ, ઘી, માખણ વગેરેના વાસણમાં આંગળી ન નાખવી જોઇએ. એમ કરવાથી નખનું ઝેર એમાં મળી જાય છે. કોઇ કોઇ વાર બધી ચીજો તડકામાં મૂકવી જોઇએ. પીવાનું પાણી જે વાસણમાં રાખવામાં આવતું હોય તે હમેશાં અંદરથી ધોવું જોઇએ. તેને પણ ઢાંકી રાખવું જોઇએ. ભોજન કરતી વખતે પાણી ન પીવું એ સ્વાસ્થ્ય માટે ઘણું જ સરસ છે. પાણી પીધા વગર ન જ ચાલે તો ભોજનની વચમાં થોડું પાણી પીવું જોઇએ. પછી એકાદ કલાક બાદ પાણી પીવું ઉત્તમ છે. પંગતમાં ભોજન કરવા બેઠા હોઇએ તો સૌની સાથે જ ઊઠવું જોઇએ. પોતાને ઉતાવળથી ખાવાની ટેવ હોય અને પંગતમાં કોઇને ધીમેધીમે ખાવાની ટેવ હોય તો હંમેશા ધીમેધીમે ખાવું જોઇએ.

ભોજન કર્યા પછી દાંત ખૂબ સારી રીતે સાફ કરવા જોઇએ, દાંતની પોલમાં અન્નનો દાણો પણ ન રહેવો જોઇએ. દાંતમાં એઠું રહેવાથી દાંત નબળા બને છે અને પાયોરીયાનો રોગ થાય છે. દાંતમાં કશું રહી ગયું હોય તો લીંબડાની ડાળખીથી કાઢી નાખીને સારી રીતે કોગળા કરવા.

કોગળા કરતી વખતે મોઢું પાણીથી ભરી રાખીને દશ પંદર વાર આંખો ઉપર પાણી છાંટવું. દરેક માણસ દિવસમાં જેટલી વાર મોઢામાં પાણી લે એટલી વાર એમ કરે તો તેની આંખો ખૂબ તેજસ્વી રહે તથા આંખો બગડ્યાનો ભય ઘણો ઓછો રહે છે.

ભોજન પછી શું કરવું, શું ન કરવું!

ભોજન કર્યા પછી ધોયેલા હાથની હથેળી આંખો ઉપર ફેરવવાથી પણ આંખોનું તેજ વધે છે. ભોજન પછી સો ડગલાં ચાલવું અને મૂત્રત્યાગ કરવો જોઇએ. ભોજન પછી દોડવું, કસરત કરવી, તરવું, ન્હાવું, ઘોડેસવારી કરવી સ્વાસ્થ્ય માટે ઘણું જ નુકશાનકારક છે. ખાઇને તરત બેસી રહેવાથી પેટ વધે છે, દોડવાથી વાયુની વૃદ્ધિ થાય છે. સો ડગલા ચાલ્યા પછી આળોટવું સારૂં છે. આળોટવું એટલે સૂવું નહિ. જે ભોજન કરીને તુરત સૂઇ જાય તેનો ખોરાક પચતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તમાન સમાચાર.

આ સભાનો આનંદજનક પ્રસંગ

તા ૨૫-૮-૩૮ ના રોજ આ સભાના મકાનના બાજુના મકાનમાં અગ્નિપ્રકોપ થતાં દેવ, ગુરૂ, ધર્મ પસાયથી કોઈ પુણ્ય યોગે સેવાના ફળવડે અજાયબ રીતે સભાનું મકાન, લાઇબ્રેરી, સાહિત્ય, જ્ઞાનભંડાર વગેરે તમામ વસ્તુઓનો બચાવ થઇ ગયો જેથી તેની ખુશાલી નિમિત્તે આ સભાએ કાર્ય-વાહક કમીટીએ કરેલા નિર્ણય મુજબ ભાદરવા શુદ ૧૦ રવિવારના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી શ્રી નવપદજી મહારાજની આહ્લાદપૂર્વક પૂજા ભણાવી પરમાત્માની ભક્તિ કરવામાં આવી હતી અને અત્રેની પાંજરાપોળના તમામ જાનવરોને ગોળ, ખોળ, કપાસીયા, ખડ વગેરે સભાસદોથી થયેલા ફંડવડે ખવરાવ્યું હતું. પૂજા પ્રભાવનાનો ખર્ચ આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે આપ્યો હતો.

પર્યુષણ પર્વ

આ શહેરમાં આ ચાતુર્માસમાં આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પોતાના સપરિવાર બિરાજમાન હોવાથી વ્યાખ્યાનનો લાભ જૈન સમાજને સારો મળે છે. તેમજ પર્યુષણ પર્વમાં દેવ, જ્ઞાન, અને ગુરૂભક્તિ તેમજ પર્યુષણપર્વનું આરાધન, તપસ્યાઓ પ્રભાવના વગેરેથી બહુ જ ઉત્તમ પ્રકારે થયું હતું. દરમ્યાન પર્યુષણ પર્વનું આરાધન કરવા રાણપુરથી દાનવીર શ્રાવક-કુળભૂષણ શેઠ શ્રી **નાગરદાસ પુરૂષોત્તમદાસભાઇ** અત્રે પધાર્યા હતા પર્યુષણ પર્વનું આરાધન પોતાનાં સુપત્ની સહિત બહુ સારી રીતે કર્યું હતું. કલ્પસૂત્રનું ઘી બોલી પોતાના નિવાસસ્થાનમાં પધરાવી રાત્રિજગો પ્રભાવના વગેરેથી જ્ઞાનભક્તિ કરી હતી. બીજે દિવસે વરઘોડો ચઢાવી કલ્પસૂત્ર આચાર્ય મહારાજને વહોરાવ્યું હતું. અનેક બીજા ખાતાઓમાં પણ સખાવત કરી હતી. શેઠજી આ સભામાં પધાર્યા હતા. સભા ઉપર પ્રેમ તો પ્રથમથી હતો, છતાં આ વખતે સભામાં પધારી, કાર્યવાહી જોઇને સભાનો સત્કાર સ્વીકારી આ સભાના આનરરી મુરબ્બીપદ (પેટ્રન) સ્વીકાર્યું હતું.

શ્રીમાન આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિજીની ૧૬ મી જયંતી

જૈન ધર્મના પ્રખર વિદ્વાન પૂર્વ અને પશ્ચિમમાં જૈનધર્મનો પ્રચાર કરનાર આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજીમહારાજની ૧૬મી જયંતિ શ્રી જૈન આત્માનંદ સભાના મકાનમાં ભાદરવા શુદ ૧૪ તા. ૮-૯-૩૮ ના રોજ કેળવણીખાતાના માજી અધિકારી સાહેબ વિઠ્ઠલરાય મહિપતરામ એમ. એ. એલ. એલ. બીના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. મુખ્ય વકતા તરીકે પ્રો. રવિશંકરભાઇ જોશી એમ. એ. હતા. મહારાજશ્રીના ચારિત્રધર્મ, પ્રખર વિદ્વત્તા અને જૈન ધર્મના પ્રચારક તરીકે તેઓએ શું શું કર્યું તે માટે વિદ્વત્તાપૂર્ણ ભાષણ આપ્યું હતું, જે મનનીય હતું. તેમજ ભાદરવા શુદિ ૧૫ તા. ૯-૯-૩૮ના રોજ તે જ સ્થળે ભાવનગર રાજ્યના કેળવણીખાતાના અધિકારી શ્રી ગજા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદલાલ બી. એ.ના પ્રમુખપણા નીચે વિદ્યાર્થીઓની ઇનામી હરિફાઇનો મેળાવડો કરવામાં આવ્યો હતો અને આચાર્ય મહારાજના જીવન ઉપર વિદ્વત્તાપૂર્ણ વિવેચન થયું હતું. ભાદરવા શુદ ૧૪ શ્રી યશોવિજયજી ગ્રંથમાળાના મકાનમાં શ્રી વિજયવલ્લભસૂરિકૃત પંચપરમેષ્ઠિની પૂજા ભણાવવામાં આવી હતી.

શ્રીયુત્ ગુલાબચંદભાઇ વિઠ્ઠલદાસનો સ્વર્ગવાસ

શ્રીયુત્ ગુલાબચંદભાઇ સુમારે ૬૫ વર્ષની ઉમરે થોડા દિવસની બીમારી ભોગવી તેઓના નિવાસ સ્થાન મહુવામાં પંચત્વ પામ્યા છે. કેટલાક વર્ષ પૂર્વે ધંધાર્થે મુંબઇમાં જઇ આર્થિક લાભ સારો મેળવી વૃદ્ધાવસ્થાની શરૂઆતમાં પોતાના નિવાસસ્થાન મહુવામાં નિવૃત્તિ લઇને કાયમ રહેતા હતા અને ત્યાં સામાન્ય વેપાર કરવા સાથે દેવગુરૂધર્મની ઉપાસના કરતા હતા. તેઓ વ્યવહારકુશળ, બુદ્ધિશાળી, વિચારક અને સ્વભાવે સરલ, શાંત અને માયાળુ હતા. છેવટ સુધી ધર્મનું પાલન કરવા સાથે પરમાત્માના સ્મરણપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. આ સભા ઉપર તેઓ પૂર્ણ પ્રેમ ધરાવતા હતા અને તેથી ઘણા વર્ષોથી આ સભાના તેઓ સભાસદ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક લાયક અને વ્યવહારકુશળ સભાસદની આ સભાને ખોટ પડી છે, જેથી આ સભાને ઘણી જ દિલગીરી થઇ છે. તેઓનાં પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાય તેવી પરમાત્માને પ્રાર્થના કરવા સાથે તેમના સુપુત્ર ભાઇ અમૃતલાલ તેઓના શુભ પગલે ચાલી તેઓની કીર્તિમાં વધારો કરે તેમ ઇચ્છીએ છીએ અને તેમના કુટુંબને દિલાસો આપીએ છીએ.

ભાઇ પુરૂષોત્તમદાસ જગજીવનદાસ દલાલનો સ્વર્ગવાસ

ભાઇ પુરૂષોત્તમદાસ સુમારે ૪૫ વર્ષની ઉમરે અકાળ સ્વર્ગવાસ પામ્યા છે. હુંડી વિગેરેની દલાલીનો ધંધો કરી યોગ્ય રીતે પોતાના કુટુંબનું પાલન કરતા હતા. દરમ્યાન થોડીક મુદતથી શહેરમાં વેપારની મંદીને લઇને પોતાની સારી આવકમાં તૂટો પડવા મંડયો. બીજી રીતે કોઇ આવકનું સાધન તેઓને પ્રાપ્ત ન થવાથી બીનરોજગારીપણું થતાં તેમને ઉચાટ અને આધિ, વ્યાધિ અને ઉપાધિ ઉત્પન્ન થઇ તેથી મગજની મુંઝવણ વધતાં, મગજ ભ્રમિત થતાં નવકાર મંત્રના સ્મરણપૂર્વક જળાશયમાં પડતાં દેહ છોડયો. તેઓ સ્વભાવે સરલ, મિલનસાર, માયાળુ અને શ્રદ્ધાવાન હતા. તેઓ જેઓના પ્રસંગમાં આવતા તેઓની સાથે એકદમ મળી જતા હતા. આ સભાના તેઓ ઘણા વખતથી સભાસદ હતા. સભા ઉપર તેઓનો પૂર્ણ પ્રેમ હતો. તેઓના આવી રીતે અકાળ મૃત્યુથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેથી સભા પોતાને ખેદ જાહેર કરે છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાય તેમ ઇચ્છીએ છીએ, અને તેમના કુટુંબને દિલાસો દઇએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર જીવનચરિત્ર

(શ્રી ગુણચંદ્ર ગણિકૃત)

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને ચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો ગ્રંથ, તેનું સરળ અને સુંદર ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઈન્ડીંગથી તૈયાર કરી પ્રકટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના **અનેક** નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો **સમાવેશ** આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુનાં જીવનચરિત્રનું મનનપૂર્વક વાંચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

લખોઃ–શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થાય છે. તૈયાર થયે ચાલતા ધોરણ પ્રમાણે મોકલવામાં આવશે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** (સચિત્ર) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩–૦–૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યાં વિવિધ સ્તવનો (જેમાં મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉતમ ભોજકની કૃતિઓનો સમાવેશ થાય છે. વેચાણ માટે સીલકે નથી)

૩. " **મહામેઘવાહન જૈન રાજા ખારવેલ** " પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ.

જલ્દી મંગાવો **ઘણી થોડી નકલો છે.** **જલ્દી મંગાવો.**

શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઊંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે. થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

બીજા પર્વથી છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ તો શ્રીપાલરાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે, એ:છતાં, અમારા તરફથી બહાર પડેલ રાસને શા માટે શ્રેષ્ઠ સ્થાન મળ્યું તે તમો જાણો છો ?

આ રાસમાં નવપદજી મહારાજનું યંત્ર ખૂબ શોધ કરીને રજૂ કરવામાં આવ્યું છે.

આ રાસમાં વાંચકોની સરળતા માટે, તેમ જ આકર્ષણ માટે ખાસ નવા ચિત્રો તૈયાર કરાવી મૂકવામાં આવેલ છે.

તેમ જ

નવપદજી મહારાજની પૂજા, દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ, ઉપયોગી સંગ્રહ પણ આમાં રજૂ કરવામાં આવ્યો છે, એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે, આ એક જ રાસ દરેક જાતની સગવડ પૂરી પાડે છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને સ્થાન મળેલ છે. તમોએ જો આજ સુધીમાં આ રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસાઓ કરતા આ રાસમાં ઘણી મહત્તા છે, અને એટલો જ તે આકર્ષક છે. મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે.

પાકું રેશમી પુઠું રૂા. રાા :: પાકું ચાલુ પુઠું રૂા. ૨)

લખો:—જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આનંદ પ્રિ ટગ ેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only